CMYK CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૭૯ ચૈત્ર સુદ-૭    સોમવાર, તા.૧૫-૦૪-૨૦૨૪    અંક : ૧૪૯ વર્ષ : ૨૧    news@aaspassindia.com    કિંમત રૂ. ૨-૫૦    પાના - ૮

# આવતીકાલે ઉમેદવારી નોંધાવશે રૂપાલા

## ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો દ્વારા આજથી તબક્કાવાર ફોર્મ ભરવાનું શરૂ

## આજે માંડવીયાએ ભર્યુ ફોર્મ, ૧૮મીએ પાટીલ ૧૯મીએ શાહ ફોર્મ ભરશે



ભાવનગર, તા.૧૫

ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ આજથી ઉમેદવારી ફોર્મ ભરવાનું શરૂ કર્યું છે. આ સાથે વિવિધ બેઠકો પર રાજકીય માહોલ જામવા લાગ્યો છે. પોરબંદર બેઠકના ઉમેદવાર ડો.મનસુખ માંડવિયાએ મહાદેવના દર્શન કર્યાં બાદ રોડ શો યોજ્યો હતો અને તે પછી ઉમેદવારી નોંધાવી છે. આજે ગેનીબેન સહિતના ઉમેદવારોએ પણ પોતાની વિવિધ બેઠકો પર નામાંકન રજૂ કર્યાં છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ બેઠક પર ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા આવતીકાલે પોતાની ઉમેદવારી નોંધાવશે.

૧૬ એપ્રિલે ભાજપના લોકસભાના કચ્છઃ વિનોદ ચાવડા, બનાસકાંઠાઃ ડો. રેખા ચૌધરી, પાટણઃ ભરતસિંહ ડાભી, મહેસાણા : હરિભાઇ પટેલ, સાબરકાંઠાઃ શોભના બારૈયા, અમદાવાદ પશ્ચિમઃ દિનેશ મકવાણા, રાજકોટ : પરશોત્તમ રૂપાલા, જૂનાગઢ : રાજેશ ચૂડાસમા, ભાવનગરઃ નીમુબેન બંભાણીયા, સહિતના ફોર્મ ભરશે.

૧૮મી એપ્રિલ ભાજપના લોકસભાના ઉમેદવારો નવસારીઃ સી.આર. પાટીલ સહિતના ફોર્મ ભરશે તો ૧૯ તારીખે ગાંધીનગરમાં કેન્દ્રીયગૃહ મંત્રી અમિત શાહ જામનગરઃ પૂનમ માડમ ફોર્મ ભરશે. ફોર્મ ભરાવાની શરૂઆત થતાં જ ગુજરાતમાં ચૂંટણીનો માહોલ જામશે.

## PMની આજે કેરળ અને તમિલનાડુમાં ચૂંટણી રેલી

નવી દિલ્હી

PM નરેન્દ્ર મોદી આજે બે રાજ્યોની મુલાકાત લેશે. પહેલા તે કેરળમાં બે રેલીઓ કરશે. ત્યારબાદ તમિલનાડુમાં જનસભાને સંબોધશે. તેઓ કેરળના થ્રિસુરમાં અલાથુર મતવિસ્તારમાં અલાથુર અને થ્રિસુરમાં ચૂંટણી લડી રહેલા NDA ઉમેદવારો TN Sarasu અને સુરેશ ગોપીના ચૂંટણી પ્રચારમાં ભાગ લેશે.આ પછી મોદી તિરુવનંતપુરમ જિલ્લાના કટ્ટક્કડા જશે. કટ્ટક્કડામાં, મોદી વી મુરલીધરન અને રાજીવ ચંદ્રશેખર માટે પ્રચાર કરશે, જે બે કેન્દ્રીય મંત્રીઓ એનડીએના બેનર હેઠળ અટ્ટિંગલ અને તિરુવનંતપુરમ મતવિસ્તારમાંથી ચૂંટણી લડી રહ્યા છે. સાંજે લગભગ ૫ વાગ્યાની આસપાસ મોદી તમિલનાડુના તિરુનેલવેલીમાં જનસભાને સંબોધશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર દક્ષિણ ભારતની મુલાકાતે છે. આ પહેલા પીએમે કેરળ, તમિલનાડુ અને તેલંગાણામાં ૧૫-૧૯ માર્ચ વચ્ચે ચૂંટણી રેલીઓ કરી હતી.

## ઈરાન દ્વારા પકડાયેલા જહાજમાં ૧૭ ભારતીયોની વાપસી મુદ્દે સ્વીકારાઇ વિદેશમંત્રીની માંગણી

નવી દિલ્હી

ઈરાનના ઈઝરાયેલ પર હુમલા બાદ સમગ્ર વિશ્વમાં ભારે અસ્થિરતાનો માહોલ છે. આ હુમલાથી મધ્ય પૂર્વમાં તણાવ વધી ગયો છે. આ બધાની વચ્ચે ભારત સરકારે ઈરાન દ્વારા પકડાયેલા ઈઝરાયેલના જહાજમાં સવાર ૧૭ ભારતીયોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કર્યા બાદ હવે ઈરાન સરકારે આ ભારતીયોની ભારત સરકારના પ્રતિનિધિઓ સાથેની બેઠકને લીલી ઝંડી આપી દીધી છે. ઈરાનના વિદેશ મંત્રી હોસૈન અમીર-અબ્દુલ્લાહિયાનું કહેવું છે કે, તેહરાન ટૂંક સમયમાં જ ભારતીય સરકારી અધિકારીઓને MSC Aries જહાજમાં સવાર ભારતીયોને મળવાની મંજૂરી આપશે. ઈરાનના વિદેશ મંત્રીનું કહેવું છે કે, તેમની સરકાર પકડાયેલા જહાજની વિગતો એકઠી કરી રહી છે. ૧૭ ભારતીયો સાથે ભારત સરકારના પ્રતિનિધિઓની બેઠક અંગેની માહિતી ટૂંક સમયમાં પૂરી પાડવામાં આવશે.

વિદેશ મંત્રી એસ જયશંકરે તાજેતરમાં તેમના ઈરાનના સમકક્ષ હુસૈન અમીર-અબ્દુલ્લાહિયન સાથે વાત કરી હતી. આ દરમિયાન તેમણે ૧૭ ભારતીય નાગરિકોની મુક્તિનો મુદ્દો ઉઠાવ્યો હતો. ફોન પર વાતચીત દરમિયાન જયશંકરે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતી દુશ્મનાવટને લઈને તણાવ ટાળવા, સંયમ રાખવા અને કૂટનીતિના માર્ગ પર પાછા ફરવાનું આહ્વાન કર્યું હતું.

# ઈરાનને જડબાતોડ જવાબ આપશે ઈઝરાયલ

## રવિવારે વોર કેબિનેટની બેઠકમાં લેવાયો નિર્ણય : વળતો હુમલો ક્યારે તે જાહેર નહી



નવીદિલ્હી,

ઈરાન દ્વારા ઈઝરાયલ પરના હુમલા બાદ રવિવારે વોર કેબિનેટની બેઠકમાં એ વાત પર સહમતિ થઈ હતી કે ઈરાનને જડબાતોડ જવાબ આપવામાં આવે. ટાઈમ્સ ઓફ ઈઝરાયલના જણાવ્યા અનુસાર આ કેવી રીતે અને ક્યારે થશે તે હજુ નક્કી કરવામાં આવ્યું નથી.

બીજી તરફ ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે ઈરાનમાં કેદ ૧૭ ભારતીયોની મુક્તિ માટે ઈરાનના વિદેશ મંત્રી સાથે વાત કરી હતી.

આ પહેલા ઈરાનની સેનાએ શનિવારે મોડીરાતે ૩ વાગ્યે લગભગ ૩૦૦ ડ્રોન અને મિસાઈલ વડે ઈઝરાયલ પર હુમલો કર્યો હતો. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, ઈઝરાયલે અમેરિકા અને અન્ય સહયોગી દેશો સાથે મળીને ૯૯% ડ્રોન-મિસાઈલો અટકાવી દીધી હતી. હુમલામાં માત્ર ઈઝરાયલના નેવાટીમ એરફોર્સ બેઝને થોડું નુકસાન થયું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ઈરાને ઈઝરાયલ પરના આ હુમલાને 'ઓપરેશન ટ્રુ પ્રોમિસ' નામ આપ્યું છે. હકીકતમાં ૧ એપ્રિલના રોજ ઈઝરાયલે સીરિયામાં ઈરાની એમ્બેસી નજીક હવાઈ હુમલો કર્યો હતો. જેમાં ઈરાનના બે ટોચના આર્મી કમાન્ડર સહિત ૧૩ લોકો માર્યા ગયા હતા. આ પછી ઈરાને બદલો લેવા ઈઝરાયલ પર હુમલો કરવાની ધમકી આપી હતી.

## અફઘાનિસ્તાનમાં પૂરમાં ૩૩ લોકોના થયા મોત

### ભાર વરસાદે તબાહી મચાવતા સર્જાઈ તારાજી

નવીદિલ્હી,

અફઘાનિસ્તાનમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. ભારે વરસાદના કારણે આવેલા પૂરમાં લોકોનો મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. વરસાદ બાદ આવેલા પૂરમાં ઓછામાં ઓછા ૩૩ લોકોના મોત થયા છે અને ૨૭ લોકો ઘાયલ થયા છે. તાલિબાનના પ્રવક્તા અબ્દુલ્લા જનાન સૈકે કહ્યું કે રાજધાની કાબુલ અને અનેક પ્રાંતોમાં અચાનક પૂર આવ્યું, જેના કારણે ભારે નુકસાન થયું. અબ્દુલ્લા જનાને જણાવ્યું હતું કે પૂરને કારણે ૬૦૦ થી વધુ મકાનો નાશ પામ્યા છે અથવા નુકસાન થયું છે. વરસાદના કારણે ૨૦૦ જેટલા પશુઓના મોત થયા છે. SAC એ જણાવ્યું હતું કે પૂરને કારણે ૮૦૦ હેક્ટર ખેતીની જમીન પણ નાશ પામી છે અને ૮૫ કિલોમીટરથી વધુ રસ્તાઓને નુકસાન થયું છે. તેમણે કહ્યું કે પૂરના કારણે પશ્ચિમ ફરાહ, હેરાત, દક્ષિણી ઝાબુલ અને કંદહાર પ્રાંતમાં સૌથી વધુ નુકસાન થયું છે.

## ટીબી સામે લડવા બાળકો માટે બનાવાયેલી દવાને મળી મંજૂરી

### બાળકો માટે યોગ્ય દવાઓના મર્યાદિત વિકલ્પોને કારણે ટીબીની સારવાર કરવી પડકારજનક

નવીદિલ્હી,

ટ્યુબરક્યુલોસિસ એટલે કે ટીબી સામે લડવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિમાં, બાળકો માટે બનાવાયેલી મોઢેથી ગળવાની દવાને મંજૂરી આપવામાં આવી છે, જે બાળકોની આરોગ્ય સંભાળમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે.

ટ્યુબરક્યુલોસિસ એ ગંભીર વૈશ્વિક આરોગ્ય વિષયક ચિંતા છે. પરંપરાગત રીતે બાળકો માટે યોગ્ય દવાઓના મર્યાદિત વિકલ્પોને કારણે બાળકોના ટીબીની સારવાર કરવી પડકારજનક રહી છે, જેના કારણે અસરકારક રીતે દવાઓ પહોંચાડવી મુશ્કેલ બને છે. બાળકોમાં થતા ટીબીની સારવારમાં મુખ્ય અવરોધ એ બાળકો માટે યોગ્ય દવાઓના ફોર્મ્યુલેશનનો અભાવ છે. પરંપરાગત ટીબી દવાઓ ઘણીવાર ગોળીના સ્વરૂપમાં આવે છે, જે બાળકો માટે ગળી જવા માટે પડકારરૂપ હોઈ શકે છે, જે પાલન અને અસરકારકતા સાથે સમસ્યાઓ તરફ દોરી જાય છે.

ટીબીના બાળરોગના દર્દીઓની ચોક્કસ જરૂરિયાતોને ઓળખીને, ફાર્માસ્યુટિકલ કંપનીઓ ટીબીની દવાઓને બાળકોને અનુરૂપ ફોર્મ્યુલેશન વિકસાવવા માટે ખંતપૂર્વક કામ કરી રહી છે. ખાસ કરીને બાળકો માટે બનાવાયેલી મોઢેથી ગળવાની દવાઓની તાજેતરની મંજૂરી એ બાળકોની ટીબીની સારવારમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ મંજૂરી યુવા ટીબી દર્દીઓની અપૂર્ણ જરૂરિયાતોને પુરી કરવાના હેતુથી વ્યાપક સંશોધન અને વિકાસ દર્શાવે છે.

## કેજરીવાલની જ્યુડિશિયલ કસ્ટડીનો છેલ્લો દિવસ

### રાઉસ એવન્યુ કોર્ટમાં હાજર થશે; અરજી પર સુપ્રીમ કોર્ટમાં પણ સુનાવણી

નવીદિલ્હી,

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જ્યુડિશિયલ કસ્ટડી સોમવારે સમાપ્ત થઈ રહી છે. દિલ્હી લિકર પોલિસી કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં તે ૧૫ દિવસ માટે તિહાર જેલમાં બંધ છે. ED તેમને રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરશે.

કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને EDની ધરપકડને માન્ય કરતા દિલ્હી હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેંચ આજે આ મામલે સુનાવણી કરશે. કેજરીવાલના ED રિમાન્ડ અંગેની સુનાવણી રાઉઝ એવન્યુ કોર્ટમાં ૧ એપ્રિલે હાથ ધરવામાં આવી હતી. આ પછી તેમને ૧૫ દિવસ માટે તિહાર મોકલવામાં આવ્યા હતા. તેમને અહીં બેરેક નંબર ૨માં રાખવામાં આવ્યા હતા.

## લાહોરમાં અંડરવર્લ્ડ ડોન આમિર સરફરાઝની હત્યા

### અજાણ્યા લોકોએ ગોળી મારી, તેના પર સરબજીત સિંહની હત્યાનો આરોપ હતો

લાહોર

લાહોરના ડોન અમિર સરફરાઝની હત્યા કરવામાં આવી છે. પીટીઆઈના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લાહોરમાં કેટલાક લોકોએ અમીરને ગોળી મારી હતી. આ પછી તેનું મોત થયું. એવું માનવામાં આવે છે કે અમીર સરફરાઝ અને તેના સહયોગીઓએ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISIના નિર્દેશ પર ૨૦૧૩માં લાહોર જેલમાં બંધ ભારતીય નાગરિક સરબજીત સિંહની માર મારી હત્યા કરી હતી. ડિસેમ્બર ૨૦૧૮માં પાકિસ્તાનની એક કોર્ટે પુરાવાના અભાવને ટાંકીને સરબજીતની હત્યાના બે આરોપીને મુક્ત કર્યા હતા. જેમાં અમીર સરફરાઝ અને મુદ્દસરનો સમાવેશ થાય છે. આ બંને વિરુદ્ધ કોઈએ જુબાની આપી નહોતી. વાસ્તવમાં પંજાબનો સરબજીત ૧૯૯૦માં ભૂલથી સરહદ પાર કરીને પાકિસ્તાન ગયો હતો.

## ઝીરો વીજળી બિલ, મફત રાશન-ગેસ

### મોદીની ગેરંટી સાથે ભાજપનો ઢંઢેરો જાહેર

નવીદિલ્હી,

ભાજપે લોકસભા ચૂંટણી માટે તેનો ઢંઢેરો બહાર પાડ્યો છે. આ વખતે ભાજપે જીતની હેટ્રિક માટે ઘણા મોટા વચનો આપ્યા હતા. વિકસિત ભારતના સંકલ્પ અને મોદીની ગેરંટી દ્વારા ભાજપે પોતાનું વિઝન રજૂ કર્યું. બીજેપી હેડક્વાર્ટર ખાતે પીએમ મોદીની હાજરીમાં મેનિફેસ્ટો લોન્ચ કરવામાં આવ્યો હતો. મોદીની ઉઠાંતરીની ઝલક ભાજપના ઠરાવ પત્રમાં પણ જોવા મળી હતી. ૨૦૧૪માં ભાજપે સબકા સાથ, સબકા વિકાસનો નારો આપ્યો હતો. ૨૦૧૯માં ભાજપ સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસ સાથે આગળ વધ્યું. ૨૦૨૪માં ભાજપનો ચૂંટણી પ્રચાર મોદીની ગેરંટી સાથે ચાલી રહ્યો છે.

ભાજપે તેના મુખ્ય મુદ્દાઓ પહેલાથી જ પૂર્ણ કરી લીધા છે જેમાં રામ મંદિરનું નિર્માણ અને કલમ ૩૭૦ હટાવવાની બાબત મહત્વપૂર્ણ છે. નોંધનીય છે કે ભાજપે ઠરાવ પત્ર બહાર પાડવા માટે બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિનો દિવસ પસંદ કર્યો હતો.




## ભારત ૧૭ વર્ષમાં કોંક્રીટના જંગલમાં ફેરવાઈ ગયું : ૫ લાખ હેક્ટર ઈન્ફ્રાસ્ટ્રકચરનો વધારો



હૈદરાબાદ,

છેલ્લા ૧૭ વર્ષમાં આપણો દેશ કોંક્રીટના જંગલમાં ફેરવાઈ ગયો છે. ૨૦૦૫ થી ૨૦૨૩ સુધીમાં દેશમાં બાંધકામ ક્ષેત્રે ૨૫ લાખ હેક્ટરનો વધારો થયો છે. આ માહિતી ઈસરોના હૈદરાબાદ સ્થિત નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટર દ્વારા આપવામાં આવી છે. આ દર્શાવે છે કે દેશમાં શહેરીકરણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વર્ષોથી નોંધપાત્ર વધારો થયો છે.

એનઆરએસસીના વાર્ષિક અહેવાલમાં, ૨૦૦૫-૦૬ અને ૨૦૨૨-૨૩ વચ્ચે જમીનનો ઉપયોગ અને જમીન કવરમાં લગભગ ૩૧ ટકાનો વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન, ૩૫ ટકા વધુ બાંધકામ વિસ્તાર ઉમેરવામાં આવ્યો છે. જમીન કવરમાં લગભગ ૨.૪ ટકાનો વધારો થયો છે. આ બાંધકામ વિસ્તારમાં માત્ર ઈમારતો જ નહીં, રસ્તાઓ વગેરે પણ છે. ઉદાહરણ તરીકે, ૨૦૦૫ અને ૨૦૨૩ ની વચ્ચે, રાષ્ટ્રીય ધોરીમાર્ગો ગુજરાતમાં ૧૭૫ ટકા, કર્ણાટકમાં ૧૦૯ ટકા, આંધ્રપ્રદેશમાં ૯૪ ટકા, મધ્યપ્રદેશમાં ૭૫ ટકા અને પશ્ચિમ બંગાળમાં ૫૮ ટકા વધ્યા છે. રિપોર્ટ અનુસાર ખેતીની જમીનમાંથી બાંધકામ વિસ્તાર પણ લેવામાં આવ્યો છે.

એનઆરએસસી મુજબ, બાંધવામાં આવેલા વિસ્તારમાં ઈમારતો એટલે કે છતની રચનાઓ, પાકા સપાટીઓ એટલે કે રસ્તાઓ અને પાર્કિંગ, વ્યાપારી અને ઔદ્યોગિક સ્થળો જેમ કે બંદરો, લેન્ડફિલ્સ, ખાણો અને રનવે અને શહેરી લીલા વિસ્તારોમાં ઉદ્યાનો અને બગીચાઓનો સમાવેશ થાય છે. એટલે કે દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઝડપથી વિકાસ કરી રહ્યું છે. પરંતુ સમસ્યા એ છે કે બાંધકામ વિસ્તાર વધારવા માટે ખેતીની જમીનનો ઉપયોગ કરવો નુકસાનકારક છે. જેના કારણે ખેડૂતોને નુકશાન થાય છે. તેમની આજીવિકા છીનવાઈ ગઈ છે. પુરતું વળતર ન મળતા ખેડૂતોએ દેખાવો કર્યા હતા. ગુજરાતમાં વાપીથી શામળાજી સુધીના એનએચ-૫૬ના વિકાસનો વિરોધ થયો હતો.ફેબ્રુઆરી ૨૦૨૪માં પણ મધ્યપ્રદેશના ખેડૂતોએ ઈન્દોરના વેસ્ટર્ન રિંગ રોડ અને ઈન્દોર-બુધાની રેલ લિંક માટે જમીન સંપાદનનો વિરોધ કર્યો હતો.

CMYK CMYK

# આજે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

## કાલથી તાપમાનમાં વધારો થશે અને પારો ૪૦ ડિગ્રી પાર થવાની શક્યતા

અમદાવાદ

હવામાન વિભાગે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદની આગાહી કરી છે. જયારે આવતીકાલથી તાપમાનમાં વધારો થશે અને પારો ૪૦ ડિગ્રી પાર થવાની શક્યતા છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં ગઈ કાલે કમોસમી વરસાદની આફતને કારણે અનેક જિલ્લાઓ ભીંજાયા હતા, ત્યારે આજે પણ ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં હવામાન વિભાગ દ્વારા ગાજવીજ સાથે હળવા વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. આજે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા બનાસકાંઠા અને કચ્છમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતાઓ છે.

૧૬ એપ્રિલથી ફરી એકવાર તાપમાનનો પારો બે ડિગ્રી જેટલું ઉંચકાઈ શકે છે, તેથી ગુજરાતવાસીઓને થોડા દિવસની ગરમીથી રાહત બાદ ફરીથી ઉનાળાનું કહેર સહન કરવા તૈયાર રહેવું પડશે. આગામી ૪૮ કલાક બાદ ગુજરાત પરથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર સંપૂર્ણ પૂર્ણ થયા બાદ સૂર્ય ગુજરાતની ધરતીને તપાવશે તેને કારણે અમદાવાદ સહિત ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી પાર જઈ શકે છે.

અમદાવાદ શહેરમાં રવિવારે બપોર બાદ કેટલાક વિસ્તારમાં હળવા વરસાદના ઝાપટાં પડ્યા હતા. ભારે પવન ફૂંકાવાને કારણે વિવિધ વિસ્તારોમાં ધૂળની ડમરીઓ ઉડી હતી. જ્યારે આજે સોમવારે સવારે ઠંડકનો માહોલ છે. રવિવારની સાંજે વાતાવરણમાં બદલાવને કારણે શહેરીજનો માટે આરામદાયક રહી હતી. જોકે, ભારે પવન ફૂંકાતા ધૂળની ઊંચી ઊંચી ડમરીઓથી રસ્તા પર આવતાં-જતાં વાહનચાલકોને મુશ્કેલી થઈ હતી, ત્યારે આજે પણ અમદાવાદ શહેરમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતાઓ છે.

આજરોજ વહેલી સવારે જ થોડા પ્રમાણ માં કેટલાક વિસ્તારોમાં ધુમ્મસભર્યું વાતાવરણ રહી શકે છે. ત્યારબાદ સૂર્ય ઉપર આવતા તાપમાન ઉંચકાશે. આજે અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સુધી પહોંચી શકે છે. પરંતુ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેવાને કારણે ગરમીનો અહેસાસ ઓછા પ્રમાણમાં થશે. આજરોજ શહેરમાં ૮થી ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે, તેને કારણે પણ થોડા અંશે રાહત અનુભવાઈ શકે છે.

# રાજકોટનું ક્ષત્રિય સંમેલન : શિસ્ત, સંયમ, શક્તિ અને સૈલાબ

રાજકોટ

રાજકોટ ગુજરાતની રાજકીય ગતિવિધિઓનું કેન્દ્ર રહ્યું છે અને આ પ્રકરણનું તો એપી સેન્ટર છે. સંમેલન ઘણી બાબત નિર્ભર છે. હવે પછી ક્ષત્રિયોની રણનીતિ શું રહેશે? ભાજપનું વલણ શું રહેશે? અને કોંગ્રેસ આ સ્થિતિનો લાભ ઉઠાવી શકશે કે નહીં? તે પ્રશ્નો મહત્વના છે. ક્ષત્રિય સંમેલનમાં હજારો લોકો પહોંચ્યા. વાહનોના થપ્પા લાગ્યા તો ચાલીને સ્થળ પર પહોંચ્યા. ક્યાંય કોઈ છમકલું થયું નહીં, ક્યાંય કોઈએ સંયમ ગુમાવ્યો



નહીં. શિસ્તબદ્ધ રીતે શક્તિપ્રદર્શન થયું.

# 35 IPSની બઢતી-બદલી

## હસમુખ પટેલ સહિત ૨૦થી પણ વધુ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યાં

અમદાવાદ

સભા ૨૦૨૪ની ચૂંટણીની વાતોની વચ્ચે ઘણા સમયથી ગુજરાતમાં આઈપીએસ અધિકારીઓની બદલીની પણ વાતો ચાલી રહી હતી, આ દરમિયાન ચૂંટણી પણ જાહેર થઈ ગઈ હતી. આ ચૂંટણી પ્રક્રિયા વચ્ચે ચૂંટણીપંચે બઢતી અને બદલીના ઓર્ડર કર્યા છે. જેમાં એકસાથે ૩૫ અધિકારીના બદલી અને બઢતીના આદેશ કરવામાં આવ્યા છે.

૭૪ દિવસથી ઈન્ચાર્જથી ચાલી રહેલા સુરતને હવે નવા પોલીસ કમિશનર મળી ગયા છે. હાલ વડોદરાના પોલીસ કમિશનર એવા અનુપમસિંહ ગેહલોતને સુરતના પોલીસ કમિશનર બનાવવામાં આવ્યા છે. જયારે વડોદરાના પોલીસ કમિશનર તરીકે નરસિંમ્હા કોમરને મૂકવામાં આવ્યા છે. કરાઈ ટ્રેનિંગ સેન્ટરના પ્રિન્સિપાલ અભય ચુડાસમાને પ્રમોશન આપી છઢ્ઢ઼ બનાવવામાં આવ્યા છે. હાલ અમદાવાદના પોલીસ કમિશનર જીએસ મલિક, અને ગુજરાત પોલીસ હાઉસિંગ કોર્પોરેશનના એડિશનલ ડીજી હસમુખ પટેલ સહિત ૨૦થી પણ વધુ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યાં છે.જયારે અમદાવાદ શહેરમાં ત્રણ જગ્યાઓ ખાલી છે. જેમાં ડીસીપી ક્રાઈમ સેક્ટર વન જોઈન્ટ કમિશનર અને ઝોન વન ડીસીપીની જગ્યા હજી પણ ખાલી રહી છે. બીજી તરફ વેઈટિંગ ફોર પોસ્ટિંગમાં પણ હજી ઘણા હુકમ થવાના બાકી છે, એટલે એવું માનવામાં આવી રહ્યું છે કે હજી વધુ એક લિસ્ટ આવે તેવી શક્યતા છે. અમદાવાદ શહેરના ઝોન ડીસીપી તરુણ દુગ્ગલની બદલી કરીને મહેસાણા જિલ્લા એસપી તરીકે નિમણૂક કરવામાં આવી છે.

જે પોસ્ટ ઈન્ચાર્જ તરીકે ચાલતી હતી તે ઝોન-૭માં નવા ડીસીપીની નિમણૂક કરવામાં આવી છે. તેની સાથે સાથે હજી પણ અમદાવાદ શહેરમાં ત્રણ જગ્યાઓ ખાલી છે. આ ખાલી જગ્યાઓ પણ ભરવી પડશે. તેની સાથે ઈકોનોમિક ઓફેન્સ વિંગના ડીસીપીની જગ્યા પણ ખાલી હોવાથી આ ખાલી પડેલી જગ્યાઓ ભરવા પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

# કેસર કેરીના શોખીનોને સ્વાદ ફીક્કો લાગે તેવા ભાવ



## કેરીના પેટીનો ભાવ ૨ હજારથી ૨૪૦૦ જેટલો બોલતાં સામાન્ય માનવી માટે કેરી ચાખવી અઘરી

અમદાવાદ,

ગુજરાતમાં કદાચ એવું કોઈ વ્યક્તિ નહીં હોય કે જેને કેરીનો સ્વાદ પસંદ ન હોય. ઉનાળો આવ્યો છે તો કેસર કેરીના શોખીનો કેરીનો સ્વાદ માણવા તલપાપડ હશે. બજારમાં કેરીનું આગમન પણ થઈ ગયું છે. પરંતુ કેરીના ભાવ તમે બજારમાં સાંભળ્યા હશે પરંતુ આ ભાવમાં ઘટાડો થાય તેમ લાગતું નથી. કારણ કે ગ્લોબલ વોર્મિંગ અને કમોસમી માવઠાને કારણે કેરીના પાકને ખરાબ અસર થઈ છે. સૌ કોઈ આકરો ઉનાળો આવ્યો છે તો કેરીનો સ્વાદ માણવા આતુર હશે. બજારમાં કેરીનું આગમન પણ થઈ ગયું છે. પરંતુ જ્યારે કેરીના ભાવ પૂછીએ તો લેવાનું મન થતું નથી. આભને આંબે તેવા ભાવથી કેરીનો સ્વાદ માણી શકાય તેમ નથી. સૌ કોઈ એ ઈન્તજારમાં છે કે થોડા સમય પછી ભાવમાં ઘટાડો આવશે. ત્યારે કેરીનું હબ કહેવાતા ભાવનગરના તળાજા તાલુકામાં મોટા પાયે કેરીનો પાક થાય છે. પરંતુ આ વખતે વિષમ તાપમાનને કારણે કેરીનું ઉત્પાદન મોટા પાયે નિષ્ફળ જવાની સંભાવનાઓ દેખાઈ રહી છે. આ વખતે મહોર આવવાની શરૂઆત તો થઈ હતી, ત્યારબાદ આંબા પર નાની મોટી ખાખટી પણ આવી હતી...પરંતુ શિયાળામાં ઓછી ઠંડી અને ઉનાળો વધુ પડતો તપી જતાં આંબા પરથી મહોર ખરી જવાનું પ્રમાણ વધી ગયું...એટલું જ નહીં એપ્રિલમાં કેરી તૈયાર થઈ જાય છે પરંતુ હાલ આંબા પર અચાનક કપળો ફૂટીને નવા પાન આવવા લાગ્યા છે. જે ચોમાસામાં ફૂટતા હોય છે.

# ગાંધીનગર સાયબર ક્રાઈમના નામે નોટીસ મોકલીને છેતરપિંડીનો પ્રયાસ

અમદાવાદ,

નિકોલમાં રહેતા વેપારીને દવા કંપનીએ કેસ કર્યો હોવાનું કહીને ગાંધીનગર સાયબર ક્રાઈમના નામે દંડ ભરવાનું અથવા ત્રણ મહિનાની સજા અપાવવાનું કહીને કોઇ ગઠિયાએ વોટ્સએપથી બનાવટી લીગલ નોટિસ મોકલી હતી. જે અંગે અમદાવાદ સાયબર ક્રાઇમ દ્વારા ગુનો નોંધીને તપાસ શ કરવામાં આવી છે. નિકોલમાં આવેલા દિવ્યજ્યોત ટેનામેન્ટમાં રહેતા વિષ્ણુભાઇ પંચાલ ઓઢવમાં ફર્નિચરનો વ્યવસાય કરે છે. ગત ૮મી એપ્રિલના રોજ તેમને અજાણ્યા મોબાઇલ નંબર પરથી કોલ આવ્યો હતો. જેમાં કોલ કરનારે પોતાની ઓળખ ગાંધીનગર સાયબર ક્રાઇમના પીએસઆઇ હેમંતસિંહ તરીકે આપીને જણાવ્યું હતું કે તમે વર્ષ ૨૦૨૨માં ઓનલાઇન દવા મંગાવીને રીસીવ નહોતી કરી અને પરત આપી હતી. સાથેસાથે દવાના ખરાબ રિવ્યું આપ્યા હતા. જેથી અર્બન મેટ્રો કંપનીએ તમારા પર છેતરપિંડી અને અન્ય કેસ બાબતને લઇને કેસ કર્યો છે. આ કેસ પાછો ખેચાવવો હોય તો કોલ કરજો. જો કેસ થશે તો ૩૦ હજારનો દંડ અથવા ત્રણ મહિનાની કેદની સજા થશે. ત્યારબાદ ગાંધીનગર ક્રાઇમબ્રાંચના નામના લેટરપેડ પર નોટિસ મોકલી હતી. જો કે સાયબર ક્રાઇમના નામે કોલ કરીને છેતરપિંડીનો પ્રયાસ કર્યો હોવાથી આ અંગે વિષ્ણુભાઇએ સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી.

# કચ્છમાં નોધાયો ૨.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

કચ્છ,

કચ્છના સરહદી વિસ્તારમાં આજે સવારના સમયમાં ફરી એકવાર ભૂકંપનો આંચકો નોંધાયો છે. ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ જિલ્લામાં ભૂકંપના નાના નાના આંચકાઓનો સિલસિલો અવિરતપણે ચાલુ રહ્યો છે.

પશ્ચિમ કચ્છના વિસ્તારમાં ૨.૯ની તીવ્રતાનો ભૂકંપના આંચકો નોંધાયો હતો.સવારના ૫:૦૮ કલાકે આ ભૂકંપનો આંચકો નોંધાયો હતો.કચ્છના સરહદી વિસ્તારમાં આજે સવારના સમયમાં ફરી એકવાર ભૂકંપનો આંચકો નોંધાયો છે. ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ જિલ્લામાં ભૂકંપના નાના નાના આંચકાઓનો સિલસિલો અવિરતપણે ચાલુ રહ્યો છે. ત્યારે આજે પશ્ચિમ કચ્છના વિસ્તારમાં સવારના ૫:૦૮ કલાકે ૨.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો.વર્ષ ૨૦૦૧માં કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ બાદ ખાસ કરીને વાગડની ફોલ્ટ લાઈન પર નાના નાના આંચકાઓ નોંધાઈ રહ્યા છે.ખાવડા વિસ્તાર પાસે પણ નાના નાના આંચકાઓ અનુભવાય છે.

# કમ્પાઉન્ડરમાંથી બની ગયા ડોક્ટર

## સુરતમાં ડિગ્રી વગર ક્લિનિક ચલાવતા બે શખ્સ એલોપેથિક દવાના જથ્થા સાથે ઝબ્બે

સુરત

સુરતના પાંડેસરામાં બે અલગ અલગ બનાવવામાં પોલીસે ડુપ્લીકેટ ડોક્ટરને ઝડપી પાડ્યા છે. બંને ડોક્ટર પાસે કોઈપણ પ્રકારની ડિગ્રી ન હોવા છતાં પણ તેઓ ખાનગી પ્રેક્ટિસ કરતા હતા. ડિગ્રી વગર જ તેઓ ક્લિનિકમાં એલોપેથીક દવાનો જથ્થો રાખતા હતા. જેથી પોલીસે બંને સામે ડુપ્લીકેટ તબીબનો ગુનો દાખલ કરી બંનેની ધરપકડ કરી છે.

પોલીસે બંને ડોકટરોની પ્રાથમિક પૂછપરછમાં અગાઉ હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે નોકરી કરી સામાન્ય બીમારીમાં કઈ કઈ દવા, ઈન્જેકશન આપવાની માહિતી મેળવી લીધા બાદ જાતે જ ડોક્ટર બની ગયા હોવાની કબૂલાત કરી હતી. પોલીસે બંને ક્લિનિકમાંથી દવા, ઈન્જેક્શન સહિત કુલ રૂપિયા ૩૦ હજારનો દવાનો જથ્થો કબ્જે કર્યો હતો.

અંતર્ગત જીંય પોલીસના માણસોની અલગ અલગ ટીમો બનાવી શહેરમાં ડિગ્રી વગરના ક્લિનીક ચલાવતા બોગસ ડોક્ટરોને પકડી પાડવાની દિશામાં વર્કઆઉટમાં હતા. બાતમી મળી હતી કે પાંડેસરા વિસ્તારમાં આવેલા બે બોગસ તબીબો દ્વારા ક્લિનિક ખોલી લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે.દવાનો જથ્થો કબજે કર્યો પોલીસે બાતમીના આધારે પોલીસે જિલ્લા પંચાયત હેલ્થ વિભાગના અધિકારીઓ સાથે અકે ટીમ બનાવી પાંડેસરા ગોવાલક રોડ રામનગર ખાતે આવેલ જગન્નાથ ક્લિનીકમાં ડમી પેશન્ટ મોકલી રોડ પાડી હતી.

# અમદાવાદથી આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓમાં ૩૭ ટકાનો વધારો

અમદાવાદ,

અમદાવાદ એરપોર્ટ પર વર્ષ ૨૦૨૨ કરતાં વર્ષ ૨૦૨૩ માં ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક પેસેન્જરોની કુલ સંખ્યા ૧.૧૬ કરોડને પાર થઈ છે.

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓમાં વર્ષ ૨૦૨૩ માં એક કરોડથી વધુ પેસેન્જરોએ અમદાવાદ એરપોર્ટથી અવરજવર કરી હોવાનું જાણવા મળ્યુ છે. અમદાવાદથી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી વિવિધ દેશોમાં ૧૮.૭૩ લાખ પેસેન્જરોએ ઉડાન ભરી છે જયારે ડોમેસ્ટિકમાં૯૭.૮૫ લાખ પેસેન્જરોએ અમદાવાદથી વિવિધ શહેરોની ઉડાન ભરી છે. સૌથી વધુ ઈન્ટરનેશનલના પેસેન્જરો વર્ષ ૨૦૨૩ ના ડિસેમ્બરમાં ૧.૯૩ લાખ અને ડોમેસ્ટિકમાં વર્ષ ૨૦૨૩ ના જાન્યુઆરીમાં ૯ લાખથી વધુ પેસેન્જરો નોંધાયા હતા. વર્ષ ૨૦૨૨ ની સરખામણીમાં વર્ષ ૨૦૨૩ માં ઈન્ટરનેશનલ પેસેન્જરોમાં ૩૭.૯૫% અને ડોમેસકટિક પેસેન્જરોમાં ૩૩ .૦૨%નો વધારો થયો છે. અમદાવાદ એરપોર્ટ પરથી દિન-પ્રતિદિન પેસેન્જરોની સંખ્યામાં વૃધ્ધિ થઈ રહી છે.

# ચોમાસું વહેલા શરુ થવાની શક્યતા

અમદાવાદ,

ગુજરાતમાં હવે બારેમાસ ચોમાસું જેવી સ્થિતિ રહે છે. વર્ષના વચલા દહાડે ગમે ત્યારે કમોસમી વરસાદ આવી ચઢે છે. આવામાં ખરુ ચોમાસું કેવુ જશે તે વધુ મહત્વનું છે. વર્ષ ૨૦૨૪ નું ચોમાસું કેવુ જશે તે માટે ભવિષ્યવાણી આવી ગઈ છે. આગાહીકાર અંબાલાલ પટેલે અત્યારથી જ ચોમાસાની આગાહી કરી છે. આ વર્ષે ચોમાસુ વહેલુ શરૂ થવાની શક્યતા છે.સાથે જ આ વર્ષે ચોમાસુ સારું રહેવાની



શક્યતા હોવા છતાં કેટલાક ભાગોમાં વરસાદની વહેંચણી અનિયમિત રહે તેવી પણ આગાહી છે. હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે આગાહી કરતા જણાવ્યું કે, આ વર્ષે ચોમાસું વહેલા શરુ થવાની શક્યતા છે. ૧૦થી ૧૨ મે સુધીમાં દેશમાં આંધીવંટોળ સાથે પ્રિમોન્સૂન એક્ટિવિટી શરુ થશે. ૨૩-૨૪ મે સુધીમાં વાદળો આવશે. ૮ થી ૧૨ જૂનમાં ચોમાસાની શરૂઆત થશે. સામાન્ય રીતે ગુજરાતમાં ૧૫ જૂનથી ચોમાસુ શરું થાય છે. આ વર્ષે આંધીવંટોળ અને ભારે પવન સાથે વરસાદ રહેશે. સારા ચોમાસા અંગે તેમણે કહ્યું કે, ૨૮ જૂનથી રાજ્યના મોટાભાગમાં સારો વરસાદ રહેવાની શક્યતા છે. જુલાઈ માસમાં સારો વરસાદ રહેશે.

# ૧૨ વર્ષથી નાસતો ફરતો આરોપી મહારાષ્ટ્ર-અક્કલકુવાથી ઝડપાયો

ભરૂચ,

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર શહેર એ' ડિવિઝન પોલીસ મથકના ચોરીના ગુનામાં છેલ્લા ૧૨ વર્ષથી નાસતા ફરતા લિસ્ટેડ આરોપીને મહારાષ્ટ્રના અક્કલકુવા ખાતેથી પેરોલ ફર્લો સ્કોડની ટીમે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ મહા નિરીક્ષક સંદીપસિંહ વડોદરા રેન્જ તથા ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા પેરોલ પર જમ્પ ફરાર આરોપી તથા નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે આપવામાં આવેલ સૂચનાના આધારે ભરૂચ પેરોલ ફર્લો સ્કોડની ટીમ દ્વારા જિલ્લામાં બનેલા ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ખાનગી બાતમીના આધારે અંકલેશ્વર શહેર એ' ડિવિઝન પોલીસ મથકના ગુનાના કામે નાસતા ફરતા આરોપી દીન મહંમદ બસીર મહંમદ મકરાણીને મહારાષ્ટ્રના અક્કલકુવા ખાતેથી પકડી સીઆરપીસી કલમ ૪૧ (૧) આઈ મુજબ અટકાયત કરવામાં આવી છે.

# ૩૩% સ્ત્રી અનામતની વાતો પોકળ! રાજકીય પક્ષોની મહિલાઓને ટિકિટ આપવામાં કંજૂસાઈ

ગાંધીનગર,

લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાની શરુઆત થઈ ચૂકી છે ત્યારે સૌથી મહત્વનો મુદ્દો એ ઉઠે છે કે - મહિલા સશકતિકરણની ગુલબાંગો પોકારતા રાજકીય પક્ષો તરફથી કેટલી ટિકિટો મહિલાઓ માટે ફળવાઇ? ૩૩ ટકા અનામતની વાતો કરતી ભાજપ સરકારે પણ ટિકિટ ફાળવણીમા મહિલાઓ ને કેટલુ મહત્વ આપ્યું? જો ગુજરાતના રાજકીય ઇતિહાસની વાત કરીયે તો ૧૯૬૨માં ગુજરાતમાં પ્રથમ




વખત લોકસભાની ચૂંટણી યોજાઈ હતી ત્યારથી ૨૦૧૯ સુધીમાં ૩,૫૬૨ ઉમેદવારો મેદાનમાં હતા.

આમાં માત્ર ૧૬૦ મહિલાઓએ ઉમેદવારી નોંધાવી હતી. સંસદમાં ગુજરાતમાંથી મહિલાનું પ્રતિનિધિત્વ ઓછા પ્રમાણમાં રહેવાનું કારણ મહિલાઓ રાજકારણથી દૂર રહેવા માંગે છે અથવા રાજકીય પક્ષો દ્વારા પણ મહિલાઓને પૂરતા પ્રમાણમાં ટિકિટ આપવામાં આવતી નથી તે છે દેશમાં ૩૩% મહિલા અનામત ની વાતો કરનાર રાજકીય પક્ષો પણ આ મામલે ઉદાસીન રહ્યા છે.

જ્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર એક રાજ્ય હતા ત્યારે ગુજરાત રાજ્યની સ્થાપના પહેલા સરદાર વલ્લભભાઈ પટેલની પુત્રી મણીબેન તથા સાબરકાંઠા બેઠક પરથી જોહરબેન ચાવડા સાંસદના પદ પર રહ્યા હતા. ૧૯૬૨માં અમરેલીની બેઠક પરથી જયાબેન શાહ અને બનાસકાંઠાની બેઠક પરથી જોહેરા બેન ચાવડા વિજેતા બન્યા હતા.

૧૯૭૭ની ચૂંટણીમાં મહેસાણાની બેઠક પરથી મણીબેન પટેલ એકમાત્ર વિજેતા મહિલા ઉમેદવાર હતા. ૧૯૮૦ની લોકસભા ચૂંટણીમાં એક પણ મહિલા ઉમેદવાર સાંસદ બન્યા ન હતા, ૧૯૮૪માં કચ્છની બેઠક પર ઉષાબેન ઠકકર વિજેતા થયા હતા. ૧૯૯૮એ ૯૯ અને ૨૦૦૪ એમ સળંગ ત્રણ ટર્મ સુધી વડોદરાની બેઠક પર જયાબેન ઠકકર સાંસદ રહ્યા હતા.

# હાર્દિક પટેલની ૪૦ સ્ટાર પ્રચારકમાં બાદબાકી : અલ્પેશનો સમાવેશ

ગાંધીનગર,

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટીના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર થઈ છે. ગુજરાતમાં ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીથી માંડીને કુલ ૪૦ લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજકોટ બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા પણ સ્ટાર પ્રચારકમાં સામેલ કરવામાં આવ્યા છે. પરંતુ આશ્ચર્યજનક સમાચાર એ છે કે એક સમયે કોંગ્રેસમાં હેલિકેપ્ટર લઈને દેશમાં ગમે ત્યાં પ્રચાર કરવા માટે જનાર હાર્દિક પટેલની સ્ટાર પ્રચારકમાંથી બદબાકી કરી નાંખવામાં આવી છે.

પાટીદાર આંદોલનનો મુખ્ય ચહેરો અને છટાદાર ભાષણ માટે જાણીતો હાર્દિક પટેલને એક સમયે કોંગ્રેસમાં જબરું રાજકીય પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. તેની ટોચના સ્ટાર પ્રચારકમાં સમાવેશ કરાયો હતો અને હાર્દિક પટેલને ચૂંટણી પ્રચાર માટે કોંગ્રેસે અલગથી હેલિકોપ્ટર ફાળવ્યું હતું. લોકસભા ચૂંટણીમાં કૉંગ્રેસ એક સમયે ગુજરાતમાં હાર્દિક પટેલ સૌથી મોટો પ્રચારક બન્યો હતો. કૉંગ્રેસે હાર્દિક પટેલને અલગ-અલગ જગ્યાએ પ્રચાર કરવા માટે હેલિકોપ્ટર ફાળવ્યું હતું. હાર્દિક પટેલ વધુમાં વધુ પ્રચાર કરી શકે તે માટે કૉંગ્રેસે તેને હેલિકોપ્ટર ફાળવ્યું હતું.

પાટીદાર આંદોલનમાંથી બહાર આવેલા હાર્દિક પટેલ એક સમયે કોંગ્રેસમાં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી પછી હાર્દિક પટેલ ગુજરાતમાં ત્રીજા નંબરનો સ્ટાર પ્રચારક બની ગયો હતો. પરંતુ હાર્દિક પટેલ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા બાદ ખરેખર પાર્ટીની ખિસકોલી બનીને રહી ગયો છે.

**તા.૨૧ થી ૨૩ એપ્રિલ ૩ દિવસ સાંસ્કૃતિક કાર્યક્રમ**

# મોરારીબાપુ દ્વારા હનુમાન જયંતી નિમિત્તે યોજાશે સંગીત સમારોહ અને એવોર્ડ સમારંભ

## ચિત્રકૂટધામ, તલગાજરડા ખાતે સતત ૪૭માં વર્ષે હનુમાનજી મહારાજને સંગીતાજલી અર્પણ થશે : મહાભારત ટીવી શ્રેણીના દ્રોપદી-રૂપા ગાંગુલી સહિત વિવિધ ક્ષેત્રના મહાનુભાવોને મોરારિબાપુના હસ્તે અપાશે એવોર્ડ

ભાવનગર, તા.૧૫

મોરારીબાપુની પ્રેરણા અને સાંનિધ્યમાં દર વર્ષે યોજાતો સંગીત સમારોહ તેમજ વિવિધ એવોર્ડ અર્પણ સમારંભ આગામી તા ૨૧, ૨૨ અને ૨૩ એપ્રિલ, (રવિ, સોમ, મંગળ) એમ ત્રણ દિવસ ચિત્રકૂટધામ તલગાજરડા ખાતે યોજાશે.

ઘોષિત થયેલા કાર્યક્રમ મુજબ તા.૨૧ના રોજ રાત્રે ૮ થી ૧૦ વચ્ચે શાસ્ત્રીય વાદ્ય સંગીતમાં પંડિત રાજેન્દ્ર પ્રસન્નાનું બાંસુરી વાદન અને પદ્મશ્રી વિજય ઘાટેનું તાલચક્ર પ્રસ્તુત થશે.તા. ૨૨ના રાત્રે ૮ થી ૧૦ વાગ્યે વિદુષી પદ્મા તલવલકરનું શાસ્ત્રીય ગાયનની પ્રસ્તુતિ થશે.તા.૨૩ને મંગળવારે (હનુમાન જયંતી) હનુમંત જન્મદિવસે સવારે ૮:૩૦ થી સુંદરકાંડના પાઠ, હનુમાન આરતી અને નૃત્ય વંદનામાં પદ્મશ્રી નલીની- પદ્મશ્રી કમલીની કથક શૈલીમાં ભાવ નૃત્ય પ્રસ્તુત કરશે.તે પછી પૂ. મોરારીબાપુના શુદ્ધ હસ્તે પ્રતિવર્ષ અપાતા વિવિધ વિદ્યા ક્ષેત્રના એવોર્ડ અર્પણ થશે.



આ વર્ષે અર્પણ થનારા વિવિધ એવોર્ડમાં અવિનાશ વ્યાસ એવોર્ડ (સુગમ સંગીત) આરતી સૌમિલ મુનશીને, સમાજ સેવા માટે સદભાવના પુરસ્કાર રામ પુનિયાનીને, વાચસ્પતિ પુરસ્કાર (સંસ્કૃત ભાષાની સેવા માટે) વિજય પંડ્યાને, ભામતી પુરસ્કાર (સંસ્કૃત) ડૉ.ઊર્મિ સમીર શાહને,કૈલાશ લલિતકલા એવોર્ડ (ફોટોગ્રાફી) પરમાનંદ દલવાડીને, વિદુષી પદ્મા તલવલકર (ગાયન)ને હનુમંત એવોર્ડ, પં. રાજેન્દ્ર પ્રસન્નાને (વાદ્ય સંગીત) હનુમંત એવોર્ડ, પદ્મશ્રી નલિની - પદ્મશ્રી કમલિની (કથક નૃત્ય)ને હનુમંત એવોર્ડ, પદ્મશ્રી વિજય ઘાટે (તાલવાદ્ય તબલા)ને હનુમંત એવોર્ડ તેમજ રાજેશભાઈ કુકરવાડિયાને (ભવાઈ) નટરાજ એવોર્ડ, કપિલદેવ શુક્લને (ગુજરાતી રંગમંચ- ભવાઈ) નટરાજ એવોર્ડ, જ્યારે રૂપા ગાંગુલીને (હિન્દી ટીવી સીરીયલ) નટરાજ એવોર્ડ અર્પણ કરીને પૂ.મોરારીબાપુ દ્વારા વંદના કરવામાં આવશે. ત્યારબાદ પૂ. મોરારીબાપુનું પ્રાસંગિક ઉદબોધન રહેશે. આ ત્રણે દિવસના કાર્યક્રમો આસ્થા ટીવી ચેનલ પર તેમજ સંગીતની દુનિયા youtube ચેનલ પર જોઈ શકાશે.

# શક્તિધામ ભંડારિયા બહુચરાજી મંદિરે કાલે હવનનું આયોજન

ભંડારિયા,તા.૧૫

શક્તિધામ ભંડારિયા બહુચરાજી મંદિરે ચૈત્રી નવરાત્રીની ઉજવણી દરમિયાન મંગળવારે સવારે ૯.૩૦થી સાંજે ૫.૩૦ વાગ્યા સુધી હવન યોજાશે ત્યારબાદ દરેક દર્શનાર્થી માટે મહાપ્રસાદ રાખેલ છે. આ પ્રસંગે ભાવિકોને દર્શન તથા પ્રસાદનો લાભ લેવા ભંડારિયા બહુચરાજી મંદિર ટ્રસ્ટ દ્વારા આમંત્રણ અપાયું છે.

# ખાખરો તથા ચકલીનો માળો બનાવવા માટે શ્રેષ્ઠ તુંબડાના બી વિનામૂલ્યે મળશે



ગઢડા શહેરમાં અને તાલુકામાં જગન્નાથજી રથયાત્રા સમિતિ, ગઢપુર નેચર કલબ, આહીર યુવા ગ્રુપ અને જાયન્ટ્સ ગ્રુપ સાથે વિવિધ સંસ્થાઓ દ્વારા ચકલી બચાવો અભિયાન સાથે વિવિધ પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરાઈ છે ત્યારે હાલ લગભગ દરેક ઘરે પૂઠાના બનાવેલા ચકલીના માળાઓ ખૂબ મોટા પ્રમાણમાં જોવા મળી રહ્યા છે. પરંતુ વર્ષો વર્ષ સુધી ચાલે એવા જો તુંબડામાંથી ચકલીના માળા બનાવવામાં આવે તો તેમાં ચકલીને ઠંડક પણ રહે છે અને વાતાવરણની કોઈ અસર આ તુંબડામાં થતી નથી, સાથે ઘરે નેચરલ ચકલીનો માળો લાગેલો હોય તે અતિ સુંદર પણ લાગે છે, આથી તુંબડા નો વેલો થઈ શકે તેવી જગ્યા હોય તો ફળિયામાં, બગીચામાં કે વાડીએ પણ આ વેલા દ્વારા તુંબડા વાવી અને તેના દ્વારા ચકલીના માળાનું સર્જન કરી શકાય છે. ખાખરા (કેસુડો) ના બી તથા તુંબડા ના બી વિના મૂલ્યે મેળવવા માટે પિયુષભાઈ શાહ, દિન દયાળ જન ઔષધી સ્ટોર નગરપાલિકા શોપિંગ સેન્ટર ગઢડા, મો.૯૪૨૬૫૯૦૦૬૫નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# કાલે ઉમેદવારી પત્રના નામાંકન પૂર્વે કેસરિયો માહોલ બનાવતા પાટીલ

## ડોક્ટર હૉલ ખાતે વિશાળ સંખ્યામાં ભાવનગર -બોટાદ લોકસભા બુથ પ્રમુખોને સંબોધતા પ્રદેશ ભાજપ અધ્યક્ષ






તસવીર : મૌલિક સોની



ભાવનગર,તા.૧૫

ભાજપના ઉમેદવાર નીમુબેન બાંભણીયા આવતીકાલે મંગળવારે નામાંકન પત્ર ભારે તે પૂર્વે રવિવારે ભાજપ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી. આર. પાટિલએ ભાવનગર બોટાદ લોકસભાના બુથ પ્રમુખોનું સંમેલન યોજી કેસરિયો માહોલ સર્જ્યો હતો.

બુથ પ્રમુખો સંમેલનમાં પ્રદેશના હોદ્દેદારો, ક્લસ્ટર પ્રભારી, લોકસભા પ્રભારી, સાંસદ, લોકસભાના ઉમેદવાર, ભાવનગર બોટાદ જિલ્લા અને મહાનગરના પ્રમુખ, મહામંત્રીઓ સહિત શહેર અને જિલ્લા સંગઠન, પૂર્વ અને વર્તમાન લોકપ્રતિનિધિઓ, વરિષ્ટ આગેવાનો અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાઠા પોલીસ સ્ટેશનના ચોરીના ગુનાનો ફરાર આરોપી ઝડપાયો

ભાવનગર, તા.૧૫

ભાવનગર,પેરોલ ફર્લો સ્કવોડનાં માણસો ભાવનગર શહેર વિસ્તારમાં નાસતાં-ફરતાં આરોપીને પકડવાની ડ્રાઇવ સબબ પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન દાઠા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ચોરીના ગુન્હામાં નાસતો-ફરતો આરોપી અલ્તાફભાઇ અલારખભાઇ વોહરા રહે.અપના સોસાયટી, સલાટીયુ, આણંદ મુળ-સુરેલી, તા.ઉમરેઠ, વાળો ભાવનગર,બસ સ્ટેન્ડમાં આણંદ જતી બસની રાહ જોઇને ઉભો હોવાની માહિતી મળી આવેલ.જે માહિતી આધારે તપાસ કરતાં અલ્તાફભાઇ અલારખાભાઇ વોહરા ઉ.વ.૩૧ ધંધો-રીક્ષા ડ્રાયવીંગ રહે.મકાન નં.૦૬,રહીમનગર નં.૩, સમીરભાઇ વહોરાના મકાનમાં,જકાતનાકાની પાછળ, આણંદ મુળ-સુરેલી, તા.ઉમરેઠ, જી.આણંદ વાળો નાસતો-ફરતો આરોપી હાજર મળી આવેલ.જેથી તેના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી આગળની વધુ તપાસ થવા માટે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ. આ અંગે દાઠા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા તજવીજ હાથ ધરવામાં આવેલ.

# ચોરીના ગુનાનો ફરાર આરોપી ટીમાણા બસસ્ટેન્ડથી ઝડપાયો

ભાવનગર, તા.૧૫

ભાવનગર,એલ.સી.બી સ્ટાફનાં માણસો તળાજા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાસતાં-ફરતાં આરોપીઓને પડકવા અંગે પેટ્રોલીંગમાં હતાં.તે દરમ્યાન સ્ટાફને બાતમીરાહે હકિકત મળેલ કે તાપી જિલ્લાના સોનગઢ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ચોરીના ગુન્હામાં નાસતાં-ફરતાં આરોપી કનુભાઇ કલાભાઇ કોતર રહે.ટીમાણા તા.તળાજા વાળો ટીમાણા બસ સ્ટેન્ડ પાસે ઉભેલ છે. જે બાતમીવાળી જગ્યાએ તપાસ કરતાં નાસતો-ફરતો આરોપી કનુભાઇ કલાભાઇ કોતર ઉ.વ.૩૭ ધંધો-હિરા ઘસવાનો રહે.મુળ ટીમાણા તા.તળાજા જી.ભાવનગર હાલ- પ્લોટ નંબર-૨૭, સીતારામ સોસાયટી,અર્ચના ચોકડી,પુણા, સુરત શહેર વાળો હાજર મળી આવતાં તેની પુછપરછ કરતાં સોનગઢ પો.સ્ટેના ચોરીના ગુન્હામાં નાસતો-ફરતો હોવાનું જણાય આવેલ. જેથી આગળની વધુ તપાસ માટે તળાજા પોલીસ સ્ટેશનમાં સોંપી તાપી જિલ્લાના સોનગઢ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા તજવીજ કરેલ.

# ભગુડા માંગલધામ મંદિરે પ્રસાદ સહિત ધાર્મિક કાર્યક્રમ યોજાયા



તળાજા, તા.૧૫

દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ચૈત્ર માસમાં પીથલપુર ગામ સમસ્ત અને માંગલમાં ગ્રુપ દ્વારા લાપસી પ્રસાદ સહિત ધાર્મિક કાર્યક્રમનુ આયોજન કરાયુ હતુ પીથલપુર ગામે અનેક સેવાભાવીઓના મંડળ ચાલી રહ્યા છે જેમા અનેક સેવાકીય પ્રવૃતિઓ થતી રહે છ જેમા માંગલમાતાના નામે એક મંડળ ચાલી રયુ છે જેમા દર વર્ષ ચૈત્ર માસ દરમિયાન ભગુડા ખાતે મંડળના સભ્યો અને ગામજનો દ્વારા સ્વયંમ લાપસી પ્રસાદ બનાવી માંગલધામ માતાજીને વાજતે ગાજતે થાળ, ચુદંડી, શ્રીફળ ચડાવી દર્શનાર્થીઓ શ્રધ્ધાભેર દર્શન કરી ધન્યતા અનુભવેલ વિશાળ સંખ્યામાં ભગુડા માંગલધામ ખાતે એક સાથે બેસી પ્રસાદ ગ્રહણ કરેલ ટ્રસ્ટીઓનો સુંદર સહકાર મળેલ.

# પતંજલિ યોગ પરિવાર ભાવનગર દ્વારા ૨૦ સ્થાનો પર યોગ વિજ્ઞાન શિબિર

પતંજલિ યોગ પરિવાર ભાવનગર દ્વારા ૨૦ સ્થાનો પર સોમવારથી શુક્રવાર દરમિયાન યોગ વિજ્ઞાન શિબિર ગોઠવવામાં આવેલ છે. સ્વામી રામદેવજી મહારાજ પ્રેરિત પતંજલિ યોગ પરિવાર ભાવનગર દ્વારા વિવિધ યોગ આસન તેમજ કાર્યક્રમોનાં લાભ મળી રહેલ છે. આગામી સોમવાર તા.૧૫થી શુક્રવાર તા.૧૯ દરમિયાન એકસાથે અલગ અલગ ૨૦ સ્થાનો પર યોગ વિજ્ઞાન શિબિર ગોઠવવામાં આવેલ છે. ઉનાળાની રજાઓમાં યોજાયેલ આ શિબિરમાં કેટલીક બીમારીઓ સામે જાગૃતિ તેમજ ઉપચાર જેવી ક્રિયાઓ યોગ નિષ્ણાતો દ્વારા જાણવા અને શીખવા મળશે.

# વડીલોને અક્ષરજ્ઞાન આપતી નંદકુંવરબા મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ



નંદકુંવરબા મહિલા કોલેજ –દેવરાજનગરના રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે સેવાકીય પ્રવૃત્તિ પ્રકલ્પના અનુસંધાને વડીલોને અક્ષરજ્ઞાન આપવામાં આવ્યું હતું. વડીલોને અક્ષરજ્ઞાન ઉપરાંત સામાન્ય જ્ઞાન પણ આપવું અને સમાજમાં તે એક સ્વતંત્ર અને આદર્શ નાગરિક બને તેમ કરવું. આથી પ્રૌઢ શિક્ષણને ખાસ કરીને સમાજશિક્ષણ કહેવામાં આવે છે. શાળાનું શિક્ષણ યોગ્ય રીતે જેમણે ગ્રહણ ન કર્યું હોય, તેવા પ્રૌઢોને માટે ખાસ કરીને તેમના કામધંધાની સાથે અડચણરૂપ ન થાય એવે સમયે શિક્ષણ આપવાને માટે પ્રૌઢશાળાઓ ખોલવામાં આવે છે. આજના સમય માં સરકારની વિવિધ યોજના વિશે વડીલોને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી તેમની માટે અક્ષરજ્ઞાન હોવું જરૂરી છે આથી નંદકુંવરબા મહિલા કોલેજ – દેવરાજનગર દ્વારા આ પ્રકલ્પ કરવામાં આવ્યો હતો.

# મિલેટ્રી સોસાયટીમાંથી રીક્ષા ચોરી કરનાર સિહોરના મુન્નાભાઈ એલસીબીની ગીરફતમા



ભાવનગર, તા.૧૫

ભાવનગર,લોકલ ક્રાઇમ બ્રાન્ચનાં માણસો ભાવનગર સીટી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં.તે દરમ્યાન બાતમી મળેલ કે મુન્નાભાઇ જીણાભાઇ મકવાણા રહે.જાંબાળા તા.શિહોર વાળો બજાજ કંપનીની મેકસીમા નંબર પ્લેટ વગરની આગળના ભાગે અંગ્રેજીમાં ''જય માતાજી'' તથા આગળ-પાછળના ભાગે ''અદીતી'' લખેલ રીક્ષા લઇને ભાવનગર,ચિત્રા,ફિલ્ટરવાળા રોડ ઉપર, તપોવન શૈક્ષણિક સંકુલ સામે રોડ ઉપર ઉભો છે.જે રીક્ષા તે કયાંકથી ચોરી કરી લાવેલ હોવાની શંકા છે. જે બાતમી આધારે બાતમીવાળી જગ્યાએ આવતાં મુન્નાભાઇ જીણાભાઇ મકવાણા ઉ.વ.૩૫ ધંધો-રી.ડ્રા.રહે.રામદેવનગર વિસ્તાર, જાંબાળા તા.શિહોર વાળો રીક્ષા કિ.રૂ ૧.૫૦ લાખ સાથે હાજર મળી આવેલ. જે રીક્ષા અંગે તેની પુછપરછ કરતાં કોઇ સંતોષકારક જવાબ આપતાં ન હોય. જેથી આ રીક્ષા તે ચોરી અગર તો છળકપટથી મેળવી લાવેલ હોવાથી તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ. બાદમાં મુન્નાભાઇની પુછપરછ કરતાં આ રીક્ષા તેણે પોણા બે વર્ષ પહેલાં મિલ્ટ્રી સોસાયટી, સરકારી સ્કુલ પાસે રોડ ઉપરથી ચોરી કરી પોતે વાપરતો હોવાની કબુલાત કરેલ. જે અંગે આગળની વધુ તપાસ થવા માટે બોરતળાવ પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ.

# મોંઘીબહેન બધેકા બાલમંદિરનો ૭૧મો વાર્ષિક ઉત્સવ ઉજવાયો

ભાવનગર, તા.૧૫

શિશુવિહાર સંસ્થા દ્વારા શ્રમિક પરિવારોના બાળકોની કેળવણી માટે ૧૯૫૨ સ્થાપિત મોંઘીબહેન બધેકા બાલમંદિરનો ૭૧મો વાર્ષિકોત્સવ તાજેતરમાં યોજાઈ ગયો.ગુજરાતના જ્ઞઈઇના પૂર્વ નિયામક નલિન ભાઈ પંડિત, પૂર્વ આચાર્ય પરેશભાઈ ત્રિવેદી, સંસ્થાના પ્રમુખ રાજેન્દ્રભાઈ દવે તથા સહ મંત્રી ઈન્દિરાબહેન ભટ્ટની પ્રેરક ઉપસ્થિતિમાં રંગારંગ કાર્યક્રમ માં બાલમંદિર ના બાળકો એ અભિનય ગાન, કૂચ ગીત અને પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ




કરવામાં આવ્યો હતો.વર્ષ દરમિયાન ૫ જાગૃત વાલી સભામાં હાજર સાથે પોતાના બાળકના વિકાસમાં શ્રેષ્ઠ પ્રદાન કરનારમા-બાપને પ્રોત્સાહિત કરવામાં આવેલ.આખું વર્ષ બાળકોને સલામત અને નિયમિત સમયસર બાલ મંદિર લાવતા રિક્ષા ચાલક મનીષભાઈ તથા અલ્તાફભાઈનું વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું.

શિશુવિહાર સંચાલિત મોંઘીબહેન બધેકા બાલમંદિરના ઉપક્રમે ભાર વિનાની જીવન મૂલક કેળવણીના ઉત્સવમાં ૧૮૦થી વધુ નાગરિકો જોડાયા હતા. કાર્યક્રમનું સંકલન બાલમંદિરના આચાર્ય અંકિતા બહેન ભટ્ટે કર્યું હતું.

# પાણીના કુંડા બાદ ચકલીના માળા મુકતા સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓ

ભાવનગર,તા.૧૫

શિસ્ત સેવા સાહસ અને ચારિત્ર ઘડતરની પ્રવૃત્તિ એટલે સ્કાઉટીંગ પ્રવૃત્તિ આ પ્રવૃત્તિ દ્વારા તાજેતરમાં જ બે પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા જેમાં નકામા બોક્સમાંથી પક્ષીઓ માટે માળા બનાવવામાં આવ્યા અને ત્યારબાદ ૨૦૦થી વધુ પાણીના કુંડા વીના મુલ્યે વિદ્યાર્થીઓને પોતાના ઘરે મૂકવા આપ્યા અને સ્કાઉટ ગાઈડ વિધ્યાર્થીઓએ કાળઝાળ ગરમીમાં પક્ષીઓની તરસ છીપાવવાનુ ભલુ કાર્ય કર્યું.

આવોજ એક ત્રીજો પ્રોજેક્ટ નાના પક્ષીઓના માળા મુકવાનો હાથ ધરેલ છે તા.૧૪ને રવિવારના રોજ સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓને માટીના માળા આપવામાં આવ્યા અને સ્કાઉટ માસ્ટર અજયભાઈ ભટ્ટ દ્વારા આ માળા કેવી રીતે અને ક્યાં મુકવા તેમજ મૂક્યા પછી શું માવજત લેવી તેની માહિતી આપવામાં આવી અને સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓએ પોતાના ઘરે આ માળા મુકવા માટે પ્રતિજ્ઞા પદ્ધતિ થયા વિદ્યાર્થીઓને આ માટીના માળા ડો.રાજુભાઈ પાઠક દ્વારા વિનામૂલ્યે આપવામાં આવ્યા છે.

# તળાજામા ડો.આબેડકરને પુષ્પાંજલિ



તળાજા ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. રવિવારે ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતિ નિમિત્તે તળાજા ખાતે સમગ્ર અનુસુચિત જાતિના આગેવાનો સાથે દરેક સમાજનાં આગેવાનો દ્વારા ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પગુચ્છ અર્પણ કરવામાં આવ્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## ચીન સામેનું આર્થિક યુદ્ધ સરળ નથી

જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ટ્ઝ આ સપ્તાહના અંતમાં ચીનની મુલાકાતે જવાના છે. તેનો સૌથી મોટો પડકાર પશ્ચિમી દેશોના વધુને વધુ કઠોર અવાજોના યુગમાં જર્મનીના સૌથી મોટા વેપાર ભાગીદાર સાથે સંતુલિત વાટાઘાટો જાળવવાનો રહેશે. અમેરિકા જાપાન ભારત સહિતના દેશો ચીનની વિસ્તારવાદી નીતિ સામે એક થઈ રહ્યા છે. છતાં પણ ચીનને પહોંચી વળવું સરળ નથી વિસ્તારવાદી ચીને એકસાથે દુનિયાના અનેક દેશો સામે મોરચો માંડ્યો છે. બીજું વિશ્વયુદ્ધ જર્મનીના વિસ્તારવાદમાંથી ઊભું થયું હતું અને તેના મૂળમાં હિટલર હતો. ચીનના આજના વિસ્તારવાદના મૂળમાં તેના આજીવન પ્રમુખ થઈ બેઠેલા પ્રમુખ શી જિનપીંગ છે. ચીને લદાખ મોરચે લશ્કરી કાર્યવાહી કરીને પોતાની સરહદ વિસ્તારવાની પ્રવૃત્તિ હાથ ધરી છે. આમાં ભારતના ૨૦ સૈનિકોની કરવામાં આવેલી હત્યાથી દેશમાં ચીન સામે ભારે આક્રોશ સર્જાયો હતો.એ સૂચક છે કે આ આક્રોશ આર્થિક મોરચા તરફ વળી ગયો છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી આ પ્રકારની હરકતમાં એકની સામે દસ માથાંની માગણી કરનારા રાષ્ટ્રવાદીઓ ચીન સામે એવાં જ પગલાંની માગણી કરવાના વિકલ્પે ચીનનાં માલના બહિષ્કારની માગણી કરી રહ્યા છે. આમાંથી ચીનની આર્થિક તાકાત અને ભારત ચીન વચ્ચેના આર્થિક સંબંધો ચર્ચાનો વિષય બન્યા છે.મુદ્દો એ છે કે જેમ લશ્કર દ્વારા યુદ્ધ કરવાનું સરળ નથી, તેમ આર્થિક મોરચે પણ યુદ્ધ છેડવાનું સરળ નથી. તેની પણ દેશમાં કોઈક વર્ગોએ કિંમત ચૂકવવી પડે છે. તેથી અત્યારે તો 'ડિજિટલ સ્ટ્રાઇક' અને ચીનની કંપનીઓને અપાયેલા કેટલાક કોન્ટ્રેક્ટ રદ કરીને સંતોષ માનવો પડ્યો છે.' ડિજિટલ સ્ટ્રાઇક' કરીને ચીનની ૫૯ એપ પર દેશમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે આ પ્રતિબંધ દેશની સલામતી માટે મૂકવામાં આવ્યો છે એવું કારણ રજૂ કરવામાં આવ્યું છે. મુદ્દો એ છે કે ચીનની આક્રમક નીતિનો સામનો કેવી રીતે કરવો તે અંગે સરકાર હજી સ્પષ્ટ થઈ શકી નથી.

પ્રથમ ચીનની આર્થિક તાકાતનો પરિચય મેળવીએ. કુલ જીડીપીના (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ/ કુલ ઘરેલુ ઉત્પાદન) આધારે માપતાં ચીન આજે દુનિયાની બીજા નંબરની મહાસત્તા છે. તેની કુલ જીડીપી વર્ષ ૨૦૧૮માં ૧૪ લાખ કરોડ ડોલર હતી. તેની તુલનામાં ભારતની કુલ જીડીપી ત્રણ લાખ કરોડ ડોલરની હતી. એ વધારીને ત્રણ વર્ષમાં પાંચ લાખ કરોડ ડોલરની કરવાનો લક્ષ્યાંક વડાપ્રધાને આપ્યો હતો. હવે જોકે એ ભુલાઈ ગયો છે અને તેનું સ્થાન આત્મનિર્ભર ભારતે લીધું છે.

દુનિયાની નિકાસોમાં ૧૪ ટકાના હિસ્સા સાથે ચીન પ્રથમ ક્રમે આવે છે અને આયાતોમાં ૧૦ ટકાના હિસ્સા સાથે તે બીજા ક્રમે આવે છે. આની સરખામણીમાં વિશ્વવેપારમાં ભારતનો હિસ્સો બે ટકા જેટલો છે. આમ વૈશ્વિક અર્થતંત્રમાં ચીન એક મહાસત્તા છે. વધારે અગત્યની બાબત એ છે કે આ સ્થાન તેમણે માત્ર ચાર દસકા જેવા ટૂંકા સમયગાળામાં હાંસલ કર્યું છે. જેની ગણના ૧૯૮૦ સુધી ભારતની જેમ એક ગરીબ દેશમાં થતી હતી તે આજે વિશ્વની એક મહાસત્તા બની ગયું છે. ચીની પ્રજા અને તેના શાસકોની ગતિશીલતા અને તેમની ધાર્યું નિશાન પાર પાડવાની વ્યવસ્થાશક્તિ આની પાછળ રહેલાં છે.

# સંગઠિત ખેડૂતો મૂલ્ય વૃદ્ધિથી વિકાસ સાધે

### વિકાસ અને વિકલ્પ

-ડૉ. નાનક ભટ્ટ

વર્ષ ૨૦૨૧-૨૨ માં કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ૨૦ ખેડૂતોએ સંકર ૪ જાતના કપાસનું વાવેતર કર્યું. કપાસની માવજત લેવામાં આ ખેડૂતોએ ઇંન્ટિગ્રેટેડ પેસ્ટ મેનેજમેન્ટની પદ્ધતિ અનુસાર ૫૦ ટકા સેન્દ્રિય ખાતર અને ૫૦ ટકા રાસાયણિક ખાતર અને દવાઓનો વિવેકપૂર્ણ ઉપયોગ કર્યો. આથી લાંબો તાંતણો ધરાવતા ૧૬,૦૦૦ કિલો કપાસનો ઉતારો મળ્યો. બજારભાવે કપાસિયા સાથેનું રૂ વેચી દેવામાં આવે તો ખેડૂતોને ૬ લાખની આવક થાય. પરંતુ કચ્છના આ ખેડૂતો કપાસમાંથી બીજ છૂટાં પાડીને ભૂજમાં જિનિંગ માટે લઈ ગયા. તે પછી મોરબી ખાતે મિલમાં યાર્ન, તાર તૈયાર કરાવી તે જ મિલમાં સફેદ રંગનાં ટી-શર્ટનું વિવિંગ કરાવ્યું. તેના પરિણામે ૨૦ ખેડૂતોના ૮૦૦ મણ કપાસમાંથી ૫૦૦૦ નંગ ટી-શર્ટ બન્યાં. આ ટી-શર્ટના નિર્માણમાં રાસાયણિક પ્રક્રિયાનો શક્ય તેટલો ઓછો ઉપયોગ થયો હતો. આથી તેને "સેમીઓર્ગેનિક'નું પ્રમાણપત્ર મળ્યું અને બેલ્જિયમ ખાતે ઓક્સફાર્મ દ્વારા એક ટી-શર્ટના રૂ.૧૧૦૦ લેખે ખરીદી કરાઈ. એટલું જ નહીં પણ કપાસમાં વેલ્યૂ એડિશનના કાર્યથી પ્રભાવિત થયેલ વિદેશી વ્યાપારીઓએ બીજાં ૨૫,૦૦૦ ટી-શર્ટનો ઓર્ડર આપ્યો.

ધરતીમાતાની ચાકરી કરનાર ગુજરાતનો ખેડૂત પેઢી દર પેઢીથી કપાસ ઉગાડે છે અને ગાંસડીઓ બાંધી વિદેશમાં નિકાસ કરે છે. એક જમાનામાં માંચેસ્ટર ઉદ્યોગ જેના પર નભતો તેવા આપણા કપાસના ખેડૂતોની શક્તિ જોઈ ગાંધીજીએ સ્વરાજની ચળવળ સાથે રેંટિયાની વાત ઘર સુધી પહોંચાડી, ગરીબ માણસને સ્વાવલંબી બનાવવા ખાદીના વસ્ત્રને પ્રતિષ્ઠા આપી. પરંતુ રેંટિયાને એક તકનીક તરીકે સ્વીકારનાર ગાંધીનું તત્ત્વ તેમના તંત્રવાહકોની સમજણથી પર રહી ગયું. આથી ખાદિવસ્ત્ર મૂલ્યવૃદ્ધિની પ્રવૃત્તિ બનવાના બદલે સરકારી સબસિડી આધારિત કાર્યક્રમ બની ગયો. એટલું જ નહીં પણ ગુજરાતના ગાંધી- સર્વોદય પરિવારમાં શિરમોર શ્રી મનુભાઈ પંચોલીએ તો કહેવું પડ્યું, "આજની ખાદી એ ગાંધીની વિધવા માત્ર છે."

કાળી મજૂરી કરી કુદરત સામે બાથ ભીડી કપાસ ઉગાડનાર ખેડૂતને એક મણ કપાસના રૂ.૧૮૦૦ થી રૂ.૨૦૦૦ મળે છે. તેમ માંડવીના આ ૨૦ ખેડૂતોને વ્યક્તિગત રીતે ૧.૬૦ લાખ મળ્યા હોત. પરંતુ માંડવી સ્થિત એફ.પી.ઓ દ્વારા આ કપાસને ધ્રાંગધ્રા ખાતે સજીવ ખેતી કપાસમાં જિનિંગ કરાવી યાર્નને નિટિંગ મશીન સુધી લઈ જવા માર્ગદર્શન મળ્યું. તેથી એક ખેડૂતને એકંદરે રૂ.૮૦,૦૦૦ની આવક મળી. એટલું જ નહીં પણ આગામી વર્ષ માટેના ટી-શર્ટના ઓડર્સ વધુ રુચિકારક બનાવવા ખેડૂતો ટી-શર્ટને વેજિટેબલ ડાયમાં રંગી તેના પર કચ્છના કારીગરોના ભરતકામ અને છાપકામના રંગો પૂરશે. પરિણામે ખેડૂતોનો કપાસ વધુ રોજગારલક્ષી અને સુવાસિત બનશે.

ગુજરાત રાજ્યે ફાર્મસ પ્રોડ્યુસ ઓર્ગેનાઇઝેશન યોજી ખેતીના માળખામાં આધુનિકીકરણ લાવવા પ્રયત્ન કર્યા. આથી આપણી પરંપરાગત ખેતીના સ્થાને નવાં ઓજારો, બિયારણો, ખાતર અને જંતુનાશક દવાઓ પ્રચલિત બન્યાં છે. ગુજરાતની કૃષિ યુનિવર્સિટીના સ્નાતકો અને વિદ્યાપીઠોના રુરલ સ્ટડીઝના અનુસ્નાતકો દ્વારા સંચાલિત ખેતસેવા કેન્દ્રોએ દૂર-દરારનાં ગામડાંઓમાં ખેતીની નવી પદ્ધતિ પ્રચલિત કરી છે. આથી ગુજરાતનું ખેત-ઉત્પાદન આપણી જરૂરિયાતો સાથે બરાબરીની હરોળમાં આવ્યું છે.

તેથી આગળ વધી માંડવી એફ.પી.ઓ.એ ખેડૂતોના મિત્ર બની પોતાની ત્રણ એકર જમીન ઉપર ખેડૂતોની મગફળીમાંથી સારી જાતના દાણા અલગ કરી તેને પરદેશ મોકલવાની સેવા આપી છે. ખેડૂતો પોતાના સિંગદાણામાંથી તેલ અને ખોળ કઢાવી પોતાની મહેનતનું અધિક મૂલ્ય મેળવી શકે તેવી સાધનસુવિધા આપી છે. "પ્રામાણિક ધંધો અને વાજબી નફો"ની કાર્યપદ્ધતિથી ચાલતા માંડવીના ખેડૂતમંડળે ખેડૂતોનાં જૂનાં-નવાં સાધનોની લેવેચની સેવા વિસ્તારી છે, પોતાનાં ૭ સેવા કેન્દ્રોથી આસપાસનાં ૩૦૦ ગામડાંઓને ખેતી આનુષંગિક સેવાઓથી આવરી લીધાં છે.

ખેત પેદાશમાં મૂલ્ય વર્ધનની ત્રીજી હકીકત જોઈએ તો હવામાં લહેરાતું હળવું સિલ્ક સ્ત્રીઓનું મન મોહી લે છે અને પુરુષોનું ખિસ્સું ખંખેરી લે છે. આ સિલ્કનાં વસ્ત્ર બહુ રૂપાળાં હોય છે. પરંતુ અન્ય સૌંદર્યપ્રસાધનો માફક સિલ્કની બનાવટ અત્યંત ક્રૂર હોય છે, જેની જાણ ભાગ્યે જ કોઈ ગ્રાહકને હશે. શેતૂરના પાનનો ખોરાક ખાઈ પોતાને ૯૦ દિવસ માટે કોશેટામાં બાંધી રાખનાર ઇયળ પછીથી ફૂલો માટે રંગબેરંગી પતંગિયું હવામાં મૂકે છે. અને આ પતંગિયું ફૂલોને ફળ સુધી પહોંચાડવામાં મદદ કરે છે. પરંતુ માણસ પોતાના સ્વાર્થ ખાતર આવા લાખો કોશેટાઓને ખદબદતા ગરમ પાણીમાં ઉકાળી રેશમનો તાંતણો છૂટો પાડી લે છે. અહીં કોશેટામાંથી સુંદર પતંગિયાની પ્રાકૃતિક સ્થિતિ તો અટકી જાય છે પણ કરોડો જીવની હત્યા પણ થાય છે.

આ સ્થિતિથી બચવા અમદાવાદ સ્થિત આઈ. આઈ. એમ.ના સહકારથી કચ્છનાં ખેડૂતોમાં એરંડાની ખેતી પ્રચલિત કરવામાં આવી છે. ખારા-ભાંભળા પાણીથી ઊછરતા ગુજરાત હાઇબ્રિડ એરંડા-૧ નામની વેરાઈટિવાળા આ દિવેલાને ઓછી માવજત આપવા છતાં તેમાં એરંડાનાં બીજનો માળ (લૂમખા) વધુ બેસે છે. તેના પાન ઉપર નભતી "બોબક્સ મોરી" નામની ઇયળથી અહિંસક સિલ્ક બની શકે છે. ઉપરાંત અડધા હોર્સ પાવરની મોટર કે ઓઈલ એન્જિન સાથે એક ચાફ્કટર ફિટ કરતાં તેનાં ડાળખાંના ભૂકામાંથી ઘરવપરાશ માટેનો કોલસો બનાવી શકાય છે. એરંડાના તેલનો ઉપયોગ છેક નાયલોન રેઝિનના નિર્માણ સુધી પહોંચ્યો છે. સજીવ ખેતી પદ્ધતિથી તૈયાર થતા એરંડા તેલના ભાવ પણ ઘણા ઊંચા રહે છે. એટલું જ નહીં પણ એરંડાનો ખોળ એક ઉત્તમ સેન્દ્રિય ખાતર હોઈ ખેડૂતો હોંશે હોંશે પોતાની જમીનને તેનું ઉત્પાદન પાછું આપી ઋણમુક્તિનો આનંદ લે છે અને નવી સિઝને વધુ ઉત્પાદનની આશા બાંધે છે.

ખેડૂતને ધરતીપુત્ર અને જગતનો તાત જેવા શિરપાવ આપ્યા પછી તેની કંગાળ હાલત સામું જોવાની કોઈને ફુરસદ નથી ત્યારે કપાસના પૂંભડાનું કુરતું બનાવનાર, તેમજ એરંડાના છોડ પર સિલ્કના કાપડ અને નાયલોન રેઝિનની શોભા આપનાર કચ્છી માડુઓને સલામ ખપે છે.

કચ્છની ખેતી નર્મદાનાં નીરની કાગડોળે રાહ જોઈ રહેલ છે. અને ગુજરાતની ૧૮ લાખ હેક્ટર જમીન ઉપર નર્મદાનાં પાણી વહેશે ત્યારે વર્ષે ૧૪૦૦ કરોડનું ખેત-ઉત્પાદન બજારમાં પગરવ કરશે. તે વેળાએ જેમ ડુંગળીના પાકની દશા થાય છે તેવી અનેક પાકોની બેહાલી થશે. "પાણીના પાપે ખેડૂતો અન્નની હોળી કરશે! તેવા માઠા દિવસો પણ મંડાશે." પરંતુ એવો સમય દેખાય તે પહેલાં દક્ષિણ ગુજરાતનાં ટમેટાં, સૌરાષ્ટ્રની ડુંગળી, ચીકુ, કેરી અને બોર જેવી ગુજરાતની ફળ પેદાશો તેમજ શાકભાજીના ઉત્પાદનને વિજ્ઞાન અને મધ્યમ કદની તકનીકનો સમન્વય સાંપડે તો ખેડૂતોની મહેનત સાર્થક થાય. અન્યાયમુક્ત, પ્રદૂષણમુક્ત, સ્વાવલંબી સમાજની રચના થાય. નાનાં ગામડાંઓ ભાંગી જતાં મટે અને સ્વસ્થસમાજની ગાંધીની કલ્પનાનો પાયો બંધાય. સૂતરના તાંતણે સ્વરાજની વાત લઈ ગુજરાત ગાંધીમેળાઓ યોજે છે ત્યારે શહેરી કલ્ચર દ્વારા વિકેન્દ્રિત ઉત્પાદનવ્યવસ્થા થકી ગાંધીવિચારનું દર્શન આપનાર એફ.પી.ઓ. જેવી વ્યવસ્થાઓને પણ હવે ગાંધીની સંસ્થા ગણવાનો સમય પાકી ગયો છે.

# ખાવડામાં અદાણીનો ગ્રીન એનર્જી પ્લાન્ટ ફ્રાન્સની રાજધાની પેરિસની સરખામણીમાં ૫ ગણો મોટો

**આ પ્લાન્ટની ક્ષમતા ૨૦૦૦ મેગા વોટ અથવા ૨ ગીગા વોટ વીજળીનું ઉત્પાદન કરશે**

સમગ્ર વિશ્વમાં ભારતનો પ્રભાવ વધી રહ્યો છે અને ભારતીય ઉદ્યોગપતિઓ દરેક ક્ષેત્રમાં પોતાનો બિઝનેસ વધારી રહ્યા છે. જો આપણે ઉર્જા ક્ષેત્રની વાત કરીએ, તો અબજોપતિ ગૌતમ અદાણી આ ક્ષેત્ર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે અને તેથી જ તેમનું અદાણી જૂથ ગુજરાતના ખાવડાની ખરાબાની જમીન પર વિશ્વનો સૌથી મોટો ગ્રીન એનર્જી પ્લાન્ટ બનાવી રહ્યો છે. ખાવડામાં અદાણીનો પ્લાન્ટ ફ્રાન્સની રાજધાની પેરિસની સરખામણીમાં ૫ ગણો મોટો છે.

પાકિસ્તાનની બાજુમાં આવેલો આ ગ્રીન એનર્જી પ્લાન્ટ આ સેક્ટરમાં અદાણી ગ્રુપની મહત્વાકાંક્ષી યોજનાઓમાંની એક છે. ગૌતમ અદાણીની કંપની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડે આ પ્લાન્ટ તૈયાર કર્યો છે. ગુજરાતના ખાવરામાં પાકિસ્તાન બોર્ડર પાસે બનેલા આ પ્લાન્ટમાં સૌર ઉર્જા અને પવન ઉર્જામાંથી ગ્રીન એનર્જી જનરેટ કરવામાં આવશે. આ પ્લાન્ટના કદની વાત કરીએ તો, અદાણીનો આ પ્લાન્ટ લગભગ ૫૩૮ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે, જે પેરિસના કદ કરતાં




લગભગ ૫ ગણો છે. પેરિસ ૧૦૫.૪ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું છે.

ભારતના બીજા સૌથી ધનિક વ્યક્તિ ગૌતમ અદાણી તેમના પ્રોજેક્ટના સંબંધમાં વર્ષ ૨૦૨૨માં પહેલીવાર ગુજરાતના ખાવડા આવ્યા હતા, ત્યારે આ સ્થળ જોયા પછી આ પછી, તેમના જૂથ અદાણી જૂથે આ ઉજ્જડ જમીન પર માત્ર સોલાર પેનલ્સ જ લગાવી નથી, જે સૂર્યના કિરણોને વીજળીમાં રૂપાંતરિત કરશે, પરંતુ ખારા પાણીને પંપ કરવા માટે મિલો, મજૂર વસાહતો અને ડિસેલિનેશન પ્લાન્ટ પણ સ્થાપિત કર્યા છે.

રિપોર્ટ અનુસાર, હાલમાં આ પ્લાન્ટની ક્ષમતા ૨૦૦૦ મેગા વોટ અથવા ૨ ગીગા વોટ વીજળીનું ઉત્પાદન કરવાની છે. અદાણી ગ્રીન એનર્જીના મેનેજિંગ ડિરેક્ટર વિનીત જૈનના જણાવ્યા અનુસાર, કંપની નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં જ તેને ૪ ગીગા વોટ સુધી લઈ જવાની યોજના ધરાવે છે. જ્યારે ગૌતમ અદાણીનો આ પ્લાન્ટ સંપૂર્ણ રીતે તૈયાર થઈ જશે અને સંપૂર્ણ ક્ષમતાથી કામ કરશે, ત્યારે તે ૩૦ ગીગા વોટ સ્વચ્છ વીજળીનું ઉત્પાદન કરશે. જેમાંથી ૨૬ ગીગા વોટ સોલારમાંથી અને ૪ ગીગા વોટ પવન ઉર્જામાંથી ઉત્પન્ન થશે. કંપનીનું કહેવું છે કે ખાવરા પ્લાન્ટ તેની ટોચ પર ૮૧ અબજ યુનિટ વીજળીનું ઉત્પાદન કરશે, જે બેલ્જિયમ, ચિલી અને સ્વિટ્ઝર્લેન્ડ જેવા દેશોના સમગ્ર વપરાશ કરતાં વધુ છે.

દેશની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી કંપની અદાણી ગ્રીન એનર્જી ખાવરામાં સ્વચ્છ વીજ ઉત્પાદન માટે આશરે રૂ. ૧.૫ લાખ કરોડનું રોકાણ કરી રહી છે. અદાણી ગ્રૂપ ૨૦૭૦ સુધીમાં નેટ-શૂન્ય કાર્બન ઉત્સર્જન હાંસલ કરવાની વ્યાપક યોજનાના ભાગરૂપે આ પ્રોજેક્ટને જોઈ રહ્યું છે. છેલ્લી માનવ વસાહત જ્યાં આ છર્ઝ્ઈન પ્લાન્ટ છે ત્યાંથી ૮૦ કિલોમીટરના અંતરે છે. આવી સ્થિતિમાં, અદાણી જૂથ લગભગ ૮૦૦૦ કર્મચારીઓ માટે કોલોની અને અન્ય મૂળભૂત સુવિધાઓ તૈયાર કરવામાં વ્યસ્ત છે. કામદારોને પીવાનું પાણી અને અન્ય પાયાની સુવિધાઓ પૂરી પાડવાની સાથે કંપની મોબાઈલ ફોન રિપેરિંગ શોપ જેવી સેવાઓ પણ પૂરી પાડવાની તૈયારી કરી રહી છે.

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી વિશ્વના ટોચના અબજોપતિઓની યાદીમાં સામેલ છે અને બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર તેમની કુલ સંપત્તિ ૧૦૪ અબજ ડોલર છે. આ સંપત્તિના આંકડા સાથે તેઓ વિશ્વના ૧૪મા સૌથી અમીર વ્યક્તિ છે. આ વર્ષની શરૂઆતથી ૨૦૨૪ સુધી તેમની સંપત્તિમાં ૧૯.૨ અબજ ડોલરનો વધારો થયો છે.

# પરમ શક્તિની અનુભૂતિનો અવસર એટલે ચૈત્રી નવરાત્રી

**વિશ્વમાં શક્તિ સર્વોપરી છે, શક્તિ થકી સહદેવ પૂજાય છે જો શક્તિન હોય તો માનવી સાવ નિર્બળ બની જાય, આ જગતમાં શક્તિમાન માનવી જ સુખી થઈ શકે, હેલ્થ વેલ્થ અને હેપીનેસનો આધાર શક્તિ છે અને આથી જ શક્તિની ઉપાસના દરેક માનવીએ કરવી આવશ્યક છે**

સમયની ગતિ અનંત છે સમયની સાથે બધું ગતિશીલ છે ધરતી પર ગતિશીલ છે તે એક વર્ષમાં સૂર્યની ફરતી એક પ્રદિક્ષણા કરે છે તેમાં ચાર વખત એવો સમય આવે છે કે જ્યારે બ્રહ્માંડમાં શક્તિનો પ્રભાવ સવિશેષ હોય છે અને આથી જ વર્ષમાં ચાર વખત નવરાત્રી ઉજવવામાં આવે છે અને આથી જ વર્ષમાં ચાર વાર નવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે. જેના નામ વસંત નવરાત્રી, અષાઢ નવરાત્રી, શરદ નવરાત્રી અને પુષ્ય નવરાત્રી છે. આમાં આસો મહિનામાં શરદ નવરાત્રીની ઉજવણી થાય છે અને વસંત કાળમાં વસંત નવરાત્રીની ઉજવણી થાય છે જેને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

ચૈત્રી (વસંત) નવરાત્રીઃ શક્તિ (માતૃદેવી)ના નવ સ્વરૂપોની રીતે નવ દિવસોમાં સમર્પિત થયેલો ઉત્સવ છે. આ તહેવાર વસંતઋતુ (માર્ચ-એપ્રિલ)માં ઉજવાય છે. તેને ચૈત્ર નવરાત્રા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નવ દિવસોના ઉત્સવને રામ નવરાત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે.

ગુપ્ત (અષાઢ) નવરાત્રીઃ ગુપ્ત નવરાત્રી, જેને અષાઢ કે ગાયત્રી કે શાકંભરી નવરાત્રી પણ કહેવાય છે, જે અષાઢ (જૂન-જુલાઇ) મહિનામાં શક્તિ (માતૃદેવી)ના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરીને ઉજવવામાં આવે છે. ગુપ્ત નવરાત્રીને અષાઢ શુક્લ પક્ષ (અષાઢ સુદ - અજવાળીયું) દરમ્યાન અનુસરવામાં આવે છે.

શરદ (આસો) નવરાત્રીઃ આ ખુબ જ મહત્વની નવરાત્રી છે. તેને સામાન્ય રીતે મહા નવરાત્રી કહેવાય છે અને તેની ઉજવણી આસો મહિનામાં થાય છે. તેને શરદ નવરાત્રી પણ કહેવાય છે, કારણકે તેની ઉજવણી શરદ ઋતુમાં અશ્વિન શુક્લ પક્ષ (આસો સુદ - અજવાળીયું) થાય છે.

પુષ્ય (પોષ) નવરાત્રીઃ પુષ્ય નવરાત્રી પોષ (ડિસેમ્બર-જાન્યુઆરી) મહિનામાં શક્તિ (માતૃદેવીઓ)ના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરવામાં આવ્યા છે. પુષ્ય નવરાત્રી પોષ શુક્લ પક્ષ (પોષ સુદ - અજવાળીયું) દરમ્યાન ઉજવવામાં આવે છે.

માઘ નવરાત્રીઃ માઘ નવરાત્રીને ગુપ્ત નવરાત્રી પણ કહેવાય છે, મહા (જાન્યુઆરી-ફ્રેબ્રુઆરી) મહિનામાં શક્તિના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરવામાં આવ્યા છે. માઘ નવરાત્રી માઘ શુક્લ પક્ષ (મહા સુદ - અજવાળીયું) દરમ્યાન કરાય છે.

વસંત નવરાત્રી

વસંત ઋતુ (ઉનાળાની શરૂઆત) (માર્ચ-એપ્રિલ) દરમિયાન આ ઉત્સવની ઉજવણી થાય છે. તેને ચૈત્ર કે ચૈત્રી નવરાત્રી પણ કહેવાય છે, કારણકે કે ચૈત્ર માસમાં આ ઉત્સવ આવે છે.

શરદ નવરાત્રી

અશ્વિન/આસો મહિનાના અજવાળીયા પક્ષમાં તેની શરૂઆત થાય છે. નવરાત્રી ઉત્સવની ઉજવણી સુદ પખવાડીયામાં પ્રતીપદાથી નવમી સુધી એમ કરવામાં આવે તેવું ધૌમ્ય-વકના કહેવામાં આવ્યું હતું. ૨૦૧૭ના વર્ષમાં નવરાત્રી ૨૦ સપ્ટેમ્બરથી શરૂ થશે અને ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ પૂરી થશે.

ચૈત્ર નવરાત્રીનો ગઈકાલે પ્રથમ દિવસ હતો. આ દિવસ માતા શૈલપુત્રીને સમર્પિત માનવામાં આવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર નવરાત્રિના પહેલા દિવસે માતા શૈલપુત્રીની પૂજા કરવાથી જીવનમાં સુખ-સમૃદ્ધિ આવે છે અને માતાના આશીર્વાદથી વ્યક્તિને વિવિધ મુશ્કેલીઓમાંથી મુક્તિ મળે છે.

### આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

ચૈત્ર નવરાત્રીની શરૂઆત થઇ ગઈ છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, નવરાત્રી દરમિયાન માતા દુર્ગાના ૯ સ્વરૂપોની પૂજા કરવાનું વિધાન છે. કહેવામાં આવે છે કે નવરાત્રીમાં માતા દુર્ગાપોતાના ભક્તો વચ્ચે રહે છે અને માતા રાણીને પ્રસન્ન કરવા માટે ભકતો ઘણા પ્રકારના ઉપાય કરે છે. જો તમે પણ માતારાણીને પ્રસન્ન કરવા માંગો છો અને રાહુ, કેતુ સાથે શનિથી પરેશાન છો તો આ ખબર તમારા માટે મહત્વપૂર્ણ છે. વાસ્તવમાં આજે અમે જણાવશું કે જો તમે રાહુ, કેતુ અને શનિથી પરેશાન છો અને એનાથી મુક્તિ મેળવવા માંગો છો તો ચૈત્ર નવરાત્રીમાં જ્યોતિષ શાસ્ત્ર દ્વારા જણાવવામાં આવેલા કેટલાક ઉપાય કરી મુક્તિ મેળવી શકો છો.

આ ચૈત્ર નવરાત્રીમાં તંત્ર-મંત્ર, જપ તપ અને ઉપાય કરવાનું વિધાન છે. જે પણ ભક્ત રાહુ કેતુ અથવા શનિની પરેશાન છે એમણે આ નવરાત્રીમાં કેટલાક ઉપાય કરવા જોઈએ. જો તમે પણ નવરાત્રીમાં જીવનમાંથી દરેક મુશ્કેલીઓથી છુટકારો મેળવવા માંગો છો, તો નવરાત્રીમાં જરૂર કરો આ ઉપાયપ

ચૈત્ર નવરાત્રી દરમિયાન કેટલાક ખાસ ઉપાય કરવાથી રાહુ અને કેતુને શાંત કરી શકાય છે. રાહુ અને કેતુને શાંત કરવા માટે નવરાત્રીના ૯ દિવસ સુધી બ્રહ્મ મુહૂર્તમાં જાગીને સ્નાન કર્યા પછી હનુમાન ચાલીસાનો પાઠ કરવો જોઈએ. આમ કરવાથી જીવનમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.

આ સિવાય જો તમે નવરાત્રીના ૯ દિવસ સુધી શ્રી દુર્ગા સપ્તશતીનો પાઠ કરશો તો તમને રાહુ અને કેતુથી મુક્તિ મળશે.

રાહુ, કેતુ અને શનિના ખરાબ પ્રભાવથી બચવા માટે નવરાત્રીના નવ દિવસ સુધી ભગવાન શિવને લવિંગ અર્પણ કરવા જોઈએ. આમ કરવાથી આર્થિક સમસ્યાઓથી રાહત મળે છે અને રાહુ અને કેતુની સાથે શનિની ખરાબ અસર પણ દૂર થઈ જાય છે.

તમારે નવરાત્રીના ૯ દિવસ તમારી ક્ષમતા મુજબ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવી જોઈએ. એવું કહેવાય છે કે આવું કરવાથી શનિદેવની વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે.

ચૈત્રી પ્રતિપદાથી નોમ સુધી અથવા આસો માસની પ્રતિપદાથી નોમ સુધીના નવ દિવસ; નોરતાં. આ દિવસોએ હિંદુ લોકો નવ દુર્ગાનું વ્રત, ઘટસ્થાપન તથા પૂજન વગેરે કરે છે. હિંદુઓ નવરાત્રને પહેલે દિવસે ઘટસ્થાપન કરે છે અને દેવીનું આવાહન તથા પૂજન કરે છે. આ પૂજન નવ દિવસ સુધી ચાલે છે. નવમે દિવસે ભગવતીનું વિસર્જન થાય છે.

વર્ષમાં એક વખત આબોહવામાં વસંત અને પાનખર જેવા બે મહત્વના સંગમોની શરૂઆત થાય છે અને સૂર્યનો પ્રભાવ પણ રહે છે. માતૃદેવીની પૂજા માટે આ બે સમયગાળાને એક પવિત્ર તક તરીકે ગણવામાં આવે છે. ચંદ્ર આધારીત પંચાંગ પ્રમાણે આ ઉત્સવની તારીખો નક્કી કરવામાં આવે છે. નવરાત્રી દેવી દુર્ગાના ઉત્સવનું પ્રતીક છે, જે દેવીને શક્તિ (ઊર્જા)ના સ્વરૂપે વ્યક્ત કરે છે. દશેરા એટલે કે 'દસ દિવસ' એ નવરાત્રી પછીનો દીવસ છે. નવરાત્રી ઉત્સવ કે નવ રાત્રીઓનો આ ઉત્સવ હવે તેના છેલ્લા દિવસને જોડીને દસ દિવસનો ઉત્સવ બની ગયો છે, જેને વિજયાદશમી કહેવાય છે, જે આ ઉત્સવનો અંતિમ દિવસ છે, આ દસ દિવસોમાં, માતા મહિષાસુર-મર્દીની (દુર્ગા)ના વિવિધ રૂપોનું ઉત્સાહ અને ભક્તિથી પૂજન કરવામાં આવે છે.

# લખનઉ પર કોલકાતાની પ્રથમ જીત

## ઓપનર ફિલ સોલ્ટે અણનમ અડધી સદી (૮૯) ફટકારી



મુંબઇ,

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં કોલકાતા નાઈટ રાઈડર્સએ પ્રથમ વખત લખનઉ સુપર જાયન્ટ્સ ને હરાવ્યું હતું. ૧૭મી સિઝનમાં કોલકાતાની આ ચોથી જીત છે. સિઝનની ૨૮મી મેચમાં કોલકાતાએ રવિવારે લખનઉને ૮ વિકેટથી હરાવ્યું હતું.

ઈડન ગાર્ડન સ્ટેડિયમમાં કોલકાતાએ ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા લખનઉએ ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૬૧ રન બનાવ્યા હતા. જવાબમાં કોલકાતાએ ૧૫.૪ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. કોલકાતા માટે ઓપનર ફિલ સોલ્ટે અણનમ અડધી સદી (૮૯) ફટકારી હતી.

પ્રથમ બેટિંગ કરતા લખનઉએ ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૬૧ રન બનાવ્યા હતા. LSG તરફથી ડાબોડી બેટર નિકોલસ પૂરને સૌથી વધુ રન બનાવ્યા હતા. તેણે ૩૨ બોલમાં ૪૫ રનની ઈનિંગ રમી હતી. તેમના સિવાય કેપ્ટન કેએલ રાહુલે ૩૯ રન અને આયુષ બદોનીએ ૨૯ રન બનાવ્યા હતા. કોલકાતા તરફથી મિચેલ સ્ટાર્કે ત્રણ વિકેટ ઝડપી હતી. વૈભવ અરોરા, આન્દ્રે રસેલ, વરુણ ચક્રવર્તી અને સુનીલ નારાયણને એક-એક વિકેટ મળી હતી.

ટાર્ગેટને ચેઝ કરતા કોલકાતા તરફથી ઓપનર ફિલ સોલ્ટે અણનમ અડધી સદી ફટકારી હતી. તેણે ૪૭ બોલમાં ૮૯ રન બનાવ્યા હતા. તેના સિવાય કેપ્ટન શ્રેયસ અય્યરે અણનમ ૩૮ રન બનાવ્યા હતા. સુનીલ નારાયણે ૬ રન અને અંગક્રિશ રઘુવંશીએ ૭ રન બનાવ્યા હતા. લખનઉ તરફથી મોહસીન ખાને બન્ને વિકેટ લીધી હતી.

# ધોનીની હેટ્રીક : પંડ્યાના ૩ બોલમાં ૩ સિક્સર ફટકારી

## ચેન્નાઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૨૦ રને હરાવ્યું



ઈન્ડિયન પ્રીમિયર લીગમાં રવિવારે ચેન્નાઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૨૦ રને હરાવ્યું. રવિવારે વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. ચેન્નાઈએ ૨૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૨૦૬ રન બનાવ્યા હતા. મુંબઈ ૬ વિકેટના નુકસાને ૧૮૬ રન જ બનાવી શકી હતી.એમએસ ધોનીએ છેલ્લા ૪ બોલમાં ૩ સિક્સર ફટકારીને અણનમ ૨૦ રન બનાવ્યા હતા. મતિશ પથિરાનાએ ૪ મહત્વપૂર્ણ વિકેટો લીધી, તેણે રોમારિયો શેફર્ડને ગજબનો યોર્કર ફેંકીને સાથે બોલ્ડ કર્યો. સદી ફટકારનાર રોહિત શર્માએ ઋતુરાજ ગાયકવાડને જીવનદાન આપ્યું હતું.

# સૂર્યમંડળની બહાર ગુરૂ જેવા વિરાટ નવા ગ્રહની શોધ

## ૭૬૨ પ્રકાશવર્ષ દુર નવા ગ્રહનું તાપમાન ૨૨૬ ડીગ્રી



નવીદિલ્હી

અવકાશ વિજ્ઞાનીઓએ સૂર્યમંડળની બહાર એક થવા ગ્રહની શોધ કરી છે અને તેનો આકાર તથા વજન સૂર્યમંડળના સૌથી મોટા ગ્રહ ગુરૂ જેટલુ છે. ટીએઆઈ ૪૮૬૨બી (એનજીટીએસ-૩૦બી) નામ આપવામાં આવ્યું છે અને તે ધરતીથી ૭૬૨ પ્રકાશવર્ષ દુર છે. ગુરૂ ગ્રહનો આકાર એવડો વિરાટ છે કે તેમાં પૃથ્વી જેવડા ૧૩૦૦ ગ્રહ સમાઈ જાય તેમ છે.

આ નવા ગ્રહની શોધ ટ્રાન્ઝીટ એકસોપ્લેનેટ સર્વે સેટેલાઈટ (ટેસ)ની મદદથી થઈ હતી. આ ટેકનીકના આધારે ટ્રાન્ઝીટ પદ્ધતિથી નવા ગ્રહની શોધ કરવામાં આવે છે. કોઈ તારાની ચમક ઘટે તો પણ વૈજ્ઞાનિકો ઓળખ કરી લ્યે છે. આ નવો ગ્રહ પોતાના તારાની પરિક્રમા ૯૮.૩ દિવસમાં કરે છે અને ત્યાંનું મહતમ તાપમાન ૨૨૬ ડીગ્રી છે જે પૃથ્વી કરતા અનેકગણુ વધારે છે.

# ચૂંટણીની મોસમમાં હેલિકોપ્ટરની માંગ વધી

## દેશભરમાં લગભગ ૨૦૦ હેલિકોપ્ટર છે, એક કલાકનો ચાર્જ પાંચ લાખ



નવીદિલ્હી

ચૂંટણીની મોસમ દરેક માટે નફા-નુકસાનનો સોદો હોય છે. ખાસ કરીને હેલિકોપ્ટર સેવાઓ આપનારાઓ માટે આ નફાકારક સમય છે. દેશભરમાં લગભગ ૨૦૦ હેલિકોપ્ટર છે. સરકારી અને અર્ધ-સરકારી વિભાગોને છોડીને, ખાનગી ક્ષેત્ર પાસે લગભગ ૧૬૦ હેલિકોપ્ટર છે. તેમાંથી લગભગ ૧૦૦નો ઉપયોગ વિવિધ નેતાઓ અને રાજકીય પક્ષો લોકસભા ચૂંટણીમાં તેમના પ્રચારમાં કરી રહ્યા છે. મોદી સરકારના તમામ મંત્રીઓ અને વિપક્ષના મોટા નેતાઓ ચૂંટણી પ્રચારમાં હેલિકોપ્ટરનો ઉપયોગ કરી રહ્યા છે.

ચૂંટણી દરમિયાન હેલિકોપ્ટરનું ભાડું ૫ લાખ રૂપિયા પ્રતિ કલાક સુધી પહોંચે છે.

હેલિકોપ્ટરનું સામાન્ય ભાડું ૧.૫ થી ૨.૫ લાખ રૂપિયા પ્રતિ કલાક છે. ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટર સેવાઓ પૂરી પાડતી કંપનીઓ અનુસાર આ લોકસભા ચૂંટણીમાં બુકિંગ વધી રહ્યું છે. સૌથી વધુ બુકિંગ રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવ્યું છે. કેટલીક કંપનીઓ અને ખાનગી લોકો દ્વારા બુકિંગ પણ કરવામાં આવ્યું છે. તેમાંથી કેટલાક લોકસભાના ઉમેદવારો પણ છે. ભાજપ, કોંગ્રેસ અને અન્ય પક્ષોએ હજુ સુધી તેમના તમામ ઉમેદવારો જાહેર કર્યા નથી અને તમામ ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટરનું એડવાન્સ બુકિંગ ભરાઈ ગયું છે.

ભારતીય ચૂંટણી પંચ પણ લોકસભા ચૂંટણી દરમિયાન ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટરના ઉપયોગને લઈને એલર્ટ પર છે. આ માટે ચૂંટણી પંચે તમામ એરપોર્ટ, એરલાઈન્સ અને ઉડ્ડયન ક્ષેત્ર સાથે સંબંધિત વિભાગોને માર્ગદર્શિકા આપી છે, જેનો હેતુ ચૂંટણી દરમિયાન ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટર દ્વારા નાણાંની આપ-લે સહિત અન્ય પ્રકારના દુરુપયોગને રોકવાનો છે.

# શાહરૂખ પોતે હેમાજીનું સેન્ડલ પોતાના હાથથી ઉપાડી પ્રેમથી તેમને એવોર્ડ ફંક્શનના સ્ટેજ પર લઈ ગયો



નવીદિલ્હી

તમે બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં ઘણા લોકોને એવું કહેતા સાંભળ્યા હશે કે શાહરૂખ ખાન જેટલો નમ્ર અને સજ્જન કોઈ નથી. જ્યારે તે કોઈને મળે છે, ત્યારે તે પૂરા દિલથી અને ઉત્સાહથી મળે છે, એટલું જ નહીં, જો કોઈ શાહરૂખના ઘરે આવે છે, તો તે પોતે તેને રિસીવ કરવા અને વિદાય આપવા આવે છે. શાહરૂખ ખાનનો આ સ્વભાવ તેને બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના અન્ય લોકો કરતા અલગ બનાવે છે. આવી સ્થિતિમાં, આજે અમે તમને શાહરૂખ ખાનનો એક એવો જ વીડિયો બતાવીએ છીએ જેમાં તેની જેન્ટલમેન ક્વોલિટી સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે અને તેને જોઈને તમે પણ કહેશો કે તે માત્ર રીલ જ નહીં, તે રિયલ લાઈફ હીરો પણ છે. ઈન્સ્ટાગ્રામ પર પેજ પર શાહરૂખ ખાનનો એક થ્રોબેક વીડિયો શેર કરવામાં આવ્યો છે.

# યુક્રેનને ૫ લાખથી વધુ સૈનિકોની જરૂર : સંસદે ફરજિયાત લશ્કરી ભરતીનો વિવાદાસ્પદ કાયદો બનાવ્યો

કીવ,

૨ વર્ષથી વધુ સમયથી રશિયા સાથે યુદ્ધ લડી રહેલા યુક્રેનના હજારો સૈનિકો યુદ્ધના મેદાનમાં શહીદ થયા છે. આવી સ્થિતિમાં હથિયારોની સાથે યુક્રેનમાં સૈનિકોની પણ અછત છે. આવી સ્થિતિમાં, યુક્રેનની સંસદે ગુરુવારે સેનામાં નવા ભરતીની ફરજિયાત ભરતીની પદ્ધતિઓ નક્કી કરવા માટે એક વિવાદાસ્પદ કાયદાને મંજૂરી આપી છે. તેનો પ્રારંભિક મુસદ્દો કાયદો બનવામાં ઘણા મહિનાઓ સુધી વિલંબિત થયો હતો અને તેની જોગવાઈઓને હળવી કરવા માટે ઘણા સુધારા રજૂ કરવામાં આવ્યા હતા. સાંસદોએ પણ લાંબા



સમયથી આ કાયદા પ્રત્યે ઉદાસીન વલણ અપનાવ્યું હતું કારણ કે તે અપ્રિય હોવાની અપેક્ષા હતી.

રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ ડિસેમ્બરમાં કહ્યું હતું કે કાયદો યુક્રેનની સૈન્યની વિનંતી પર લાવવામાં આવ્યો હતો, જે ૫૦૦,૦૦૦ થી વધુ સૈનિકોને એકત્ર કરવા માંગે છે. આ કાયદો ભૂતપૂર્વ આર્મી કમાન્ડર વેલેરી ઝાલુઝનીની વિનંતી પર તૈયાર કરવામાં આવ્યો છે, જેમને કહ્યું હતું કે સેનાના વિવિધ રેન્કને મજબૂત કરવા માટે ૫,૦૦,૦૦૦ નવી ભરતીની જરૂર છે. યુક્રેન વિરુદ્ધ રશિયાના હુમલા બાદ દેશમાં આગળની લાઈનો પર સૈનિકોની અછત છે. યુક્રેનિયનોએ નવા કાયદાના ડ્રાફ્ટમાં વધુ રસ દાખવ્યો ન હતો. તાજેતરના અઠવાડિયામાં રશિયન હુમલાઓ દ્વારા યુક્રેનનું ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બરબાદ થયું હોવાથી કાયદો પસાર થયો છે.

# હોલીવુડની શ્રાપિત ફિલ્મ, છતાં ફિલ્મ જોઈ લોકોના થયા મોત

## આ શ્રાપિત ફિલ્મ, કયારેય સિનેમાઘરોમાં રિલીઝ ના થઈ

મુંબઇ,

હોલીવુડમાં હોરરથી લઈને એક્શન અને લગભગ દરેક શૈલીમાં જબરદસ્ત ફિલ્મો બની છે. આવી જ એક ફિલ્મ હતી 'એન્ટ્રમ'. આ ફિલ્મને હોલીવુડની શાપિત ફિલ્મ માનવામાં આવે છે. આ જોઈને ઘણા લોકો મૃત્યુ પામ્યા. આજે પણ આ જોઈને લોકો ભયથી ભરાઈ જાય છે. ચાલો તમને તેના વિશે બધું જણાવીએ. કેનેડિયન હોરર ફિલ્મ 'એન્ટ્રમ'ને અત્યાર સુધીની સૌથી ઘાતક ફિલ્મ માનવામાં આવે છે. 'એન્ટ્રમ'માં વાર્તા અને ચિત્ર બંને ડરામણા બતાવવામાં આવ્યા છે.

ફિલ્મ 'એન્ટ્રમ' કથિત રીતે શાપિત છે, જેના કારણે અનેક લોકોના મોત થયા છે. 'એન્ટ્રમ' એક મિની-મોક્યુમેન્ટરીથી શરૂ થાય છે જે ફિલ્મમાં એન્ટ્રમ વિશે વાત કરે છે. તેમાં જંગલનું એક દ્રશ્ય દર્શાવવામાં આવ્યું છે જેમાં બે ભાઈ બહેન આસપાસ ફરે છે. માનવામાં આવે છે કે, 'એન્ટ્રમ' ૧૯૭૯માં અનેક ફિલ્મ ફેસ્ટિવલમાં રહસ્યમય રીતે દેખાયું હતું. તેને જોઈને ઘણા લોકો રહસ્યમય રીતે મૃત્યુ પામ્યા અને ત્યારથી તેને શ્રાપિત કહેવામાં આવે છે.

ફિલ્મના સંબંધમાં, લોકોએ શેતાનના ઈતિહાસ વિશે પણ ચર્ચા કરી છે, કારણ કે તે 'એન્ટ્રમઃ ધ ડેડલીસ્ટ ફિલ્મ એવર મેડ'માં મુખ્ય ભૂમિકા ભજવે છે. ફિલ્મના એક બિંદુ પછી, એન્ટ્રમ ફરીથી દેખાડવામાં આવે છે અને પ્રેક્ષકોને યાદ અપાવવા માટે ચેતવણી જારી કરવામાં આવે છે કે તેઓ તેમના પોતાના જોખમે ફિલ્મ જોઈ રહ્યા છે. એન્ટ્રમના ઈતિહાસને જોતાં, તે અત્યાર સુધીની સૌથી ઘાતક ફિલ્મ છે અને તેના કથિત શ્રાપને જોતાં, તેને જોનાર કોઈપણ દર્શક ભયંકર મૃત્યુનો ભોગ બની શકે છે.



# ૨૦ વર્ષ પછી સાથે જોવા મળ્યા ઈમરાન અને મલ્લિકા શેરાવત

મુંબઈ,

ડબલ ધમાલ, વેલકમ, હિસાસ અને ડર્ટી પોલિટિક્સ જેવી ફિલ્મોમાં જોવા મળેલી અભિનેત્રી મલ્લિકા શેરાવત ફિલ્મી દુનિયાથી દૂર છે. જોકે, તે સોશિયલ મીડિયા દ્વારા ચાહકોમાં લોકપ્રિય છે. પરંતુ તાજેતરમાં તે નિર્માતા આનંદ પંડિતની પુત્રીના લગ્નના રિસેપ્શનમાં જોવા મળી હતી. જ્યાં તે તેની સુપરહિટ ફિલ્મ મર્ડર સ્ટાર ઈમરાન હાશ્મી સાથે પોઝ આપતી જોવા મળી હતી. બંનેને એકસાથે જોઈને ચાહકોએ પણ કહ્યું કે, હવે નવી ફિલ્મ બનવી જોઈએ. સામે આવેલા ફોટોમાં ઈમરાન હાશ્મી સૂટ અને બૂટમાં જોઈ શકાય છે. મલ્લિકા શેરાવત સુંદર ગુલાબી રંગના ગાઉનમાં જોવા મળી રહી છે. બંને પાપારાઝી માટે એકબીજા સાથે પોઝ આપતા જોવા મળ્યા હતા.

આ વીડિયો જોઈને ચાહકોએ કોમેન્ટમાં ફાયર ઈમોજી શેર કર્યા છે. જ્યારે એક યુઝરે લખ્યું કે, બંનેએ પોતાની જાતને જાળવી રાખી છે. અન્ય યુઝરે લખ્યું, ભૂતકાળની ક્ષણો તાજી થઈ. ત્રીજા યુઝરે લખ્યું, ઘણા સમય પછી બને સાથે,ઓએમજી. ચોથા યુઝરે લખ્યું, બંને ખૂબ જ સુંદર લાગી રહ્યા છે.મલ્લિકા શેરાવત અને ઈમરાન હાશ્મીએ ૨૦૦૪માં આવેલી ફિલ્મ મર્ડર રમાં લીડ તરીકે કામ કર્યું હતું. ફિલ્મના ભીગે હોથ તેરે, બારિશ કી વો બુંદે જેવા ગીતો ખૂબ લોકપ્રિય થયા હતા.

ફિલ્મનું બજેટ ૫ કરોડ રૂપિયા હતું અને ફિલ્મે લગભગ ૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ હતી.

# T-20 સીરીઝ શરૂ થઇ રહી હોવાથી કેટલાક વિદેશી ખેલાડીઓ અધવચ્ચે આઇપીએલ છોડશે

મુંબઇ,

આ દિવસોમાં આઈપીએલની ૧૭ મી સીઝન ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૨૫ મેચ રમાઇ ચુકી છે ત્યારે ટી ૨૦ વલ્ડ કપની ૫ સીઝન પણ રમાનારી છે. એવામાં કેટલાક વિદેશી ખેલાડીઓ આઇપીએલને અધવચ્ચે છોડીને તેમની ટીમ સાથે જોડાય તેવી શક્યતા છે. હાલમાં આ બાબતે કોઇ જાણકારી સામે આવી નથી.

૧૮ એપ્રિલ થી ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે ૫ મેચોની ટી ૨૦ સીરીઝ રમાશે. જેના કારણે ન્યુઝીલેન્ડ ટીમ પાકિસ્તાનનો પ્રવાસ કરશે. આ સીઝનની છેલ્લી મેચ ૨૭ એપ્રિલે રમાશે . આ પ્રવાસ દરમિયાન કોઇ ખેલાડી ઈજાગ્રસ્ત હશે તો આઇપીએલ રમી રહેલા કેટલાક ખેલાડીને ન્યુઝીલેન્ડ બોર્ડ પાકિસ્તાન મોકલી શકે શક્યતા છે. ન્યુઝીલેન્ડના કેન વિલિયમસન ગુજરાત ટાઇટન્સ ટીમના અને ડેરિલ મિશેલ,રચિન રવિન્દ્ર , મિશેલ સેંટર જે ચેન્નાઇ સુપર કિંગ્સનો હિસ્સો છે.

ઝિમ્બાવે અને બાંગ્લાદેશ વચ્ચે ૩ થી ૧૨ મે ની વચ્ચે ટી ૨૦ ઇંટરનેશનલ મેચો રમાશે. બાંગ્લાદેશના મુસ્તફિજુર રહમાન જે ચેન્નાઇ સુપર કિંગ્સનો હિસ્સો છે. તેના સિવાય ૧૦ થી ૧૪ મે ની વચ્ચે પાકિસ્તાન અને આર્યલેન્ડની વચ્ચે ૩ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોની સીરીઝ રમાનારી છે. આર્યલેન્ડના જોશુઆ જટિલ જે ગુજરાત ટાઇટન્સનો હિસ્સો છે. જ્યારે પાકિસ્તાનના ખેલાડિઓને આઇપીએલમાં સ્થાન નથી મળતુ.

મે ના છેલ્લા દિવસોમાં બાંગ્લાદેશની ટીમ યુએસએનો પ્રવાસ કરશે. આ દરમિયાન બે ટીમો વચ્ચે ૨૧ થી ૨૫ મેની વચ્ચે ૩ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ રમશે. પાકિસ્તાન ક્રિકેટ ટીમ મે ના ત્રીજા સપ્તાહમાં ઈંગ્લેન્ડનો પ્રવાસ કરશે. આ દરમિયાન બે ટીમો વચ્ચે ૪ ટી ૨૦ ઈન્ટરનેશનલ રમાશે. ઈંગ્લેન્ડના જોસ બટલર (આરઆર), રીસ ટોપીલ (આરસીબી),વિસ જેક્સ (આરસીબી),લિયામ લિવિંગસ્ટોન (પીબીકેએસ) મોઇન અલી (સીએસકે) ફિલ સોલ્ટ (કેકેઆર) સેમ કરન (પીબીકેએસ)અને જોની બેયરસ્ટો (પીબીકેએસ) વગેરે ખેલાડીઓ આ આઇપીએલમાં રમી રહ્યા છે.

# જેલમાં બંધ ઈમરાન ખાન પર દર મહિને ૧૨ લાખનો ખર્ચ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનમાં રાવલપિંડીની અદિયાલા જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની સુરક્ષા પર દર મહિને ૧૨ લાખ રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે. લાહોર હાઈકોર્ટમાં જેલ સત્તાવાળાઓ દ્વારા રજૂ કરવામાં આવેલા અહેવાલ મુજબ, ૭૧ વર્ષીય ખાનને જેલ પરિસરમાં વિશેષ સુવિધાઓ આપવામાં આવી છે. જેમાં પાંચ લાખના ખર્ચે અલગ સીસીટીવી સિસ્ટમનો સમાવેશ થાય છે. આ સિસ્ટમ સાત હજાર કેદીઓ પર નજર રાખતી સિસ્ટમથી અલગ છે.

ઈમરાન ખાનનું ભોજન આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટની દેખરેખમાં અલગ રસોડામાં રાંધવામાં આવે છે. ભોજન પીરસવામાં આવે તે પહેલાં, તબીબી અધિકારી અથવા નાયબ અધિક્ષક ખોરાકની તપાસ કરે છે. 'હોલી ફેમિલી હોસ્પિટલ'ના છથી વધુ ડોકટરોની ટીમ પૂર્વ વડાપ્રધાનના સ્વાસ્થ્યની તપાસ અને સારવાર માટે ત્યાં હાજર છે. આ સિવાય એક નિષ્ણાત ટીમ નિયમિતપણે તેમની તપાસ કરે છે.

ઈમરાન ખાનની જેલમાં સાતમાંથી બે સ્પેશિયલ સેલ છે જ્યારે અન્ય પાંચ સેલ સુરક્ષાના કારણોસર બંધ રાખવામાં આવ્યા છે. આ સેલમાં લગભગ ૩૫ કેદીઓને રાખવામાં આવ્યા છે. ખાણ ચેમ્બરમાં પ્રવેશ મર્યાદિત છે; પ્રવેશ માટે પરવાનગી જરૂરી છે.

# પિતા-પુત્ર સહિત ત્રણના કમકમાટીભર્યા મોત

## મહેમદાબાદથી ૪૦ શ્રધ્ધાળુનો સંઘ રાજપરા ખોડિયાર મંદિરે આવવા નીકળ્યો હતો, યાત્રીઓ પર ટ્રક ફરી વળ્યો



### ડ્રાઈવર કુંભારવાડામાં ટ્રક મુકી ડ્રાઈવર ફરાર

સનેસ ગામ નજીક નેશનલ હાઈવે-૭૫૧ પર માઢિયા રોડ પર સરકારી સ્કૂલ સામે ટ્રકે ત્રણ પદયાત્રીને કચડી નાંખી મોતના મુખમાં ધકેલી દીધા બાદ શખ્સ ટ્રક લઈને ભાવનગર તરફ નાસી ગયો હતો અને ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તારમાં ટ્રક નં.જીજે.૦૪.એક્સ.૬૮૬૬ને રોડ પર જ મુકી શખ્સ ફરાર થઈ જતાં પોલીસે દોડી જઈ ટ્રક કબજે કરી ડ્રાઈવરની શોધખોળ હાથ ધરી હતી.

ભાવનગર, તા.૧૫

ભાવનગર અમદાવાદ શોર્ટ રૂટ પર સનેસ પાસે મોડી રાત્રે સર્જાયેલા હીટ એન્ડ રનના બનાવની મળતી વિગત અનુસાર ખેડા જિલ્લાના વરસોલા તાલુકાના મહેમદાબાદ ખાતેથી ગત તા.૯ના રોજ ૪૦ જેટલા શ્રધ્ધાળુઓનો પદયાત્રા સંઘ ભાવનગર જિલ્લાના સુપ્રસિદ્ધ રાજપરા ખોડિયાર માતાજીના મંદિરે દર્શન કરવા નીકળ્યો હતો. આ પદયાત્રા સંઘ ગઈકાલે રાત્રિના સમયે ભાવનગર તાલુકાના ગણેશગઢ ગામે પહોંચતા ત્યાં મોમાઈ માતાજીના મંદિરે રાત્રિ રોકાણ કરી મધરાત્રિના સવા ત્રણેક વાગ્યાના અરસામા ખોડિયાર મંદિર જવા માટે ફરી પદયાત્રા શરૂ કરી હતી. દરમિયાનમાં ઉતારાથી હજુ પોણો કલાક જેટલું જ ચાલીને અમદાવાદ-ભાવનગર હાઈવે પર આવેલા સનેસ ગામે પહોંચતા અહીં ખોડિયાર હોટલ ખાતે ચા-પાણી પીવા માટે પદયાત્રિકોએ ટૂંકું રોકાણ કર્યું હતું.

ચા-પાણી પીધા બાદ સાત-સાતના ગ્રુપમાં પદયાત્રિકો રોડની સાઈડમાં ડાબી બાજુના સફેદ પટ્ટાની અંદર ચાલીને સનેસ પોલીસ સ્ટેશનથી માઢિયા તરફ જવા નીકળ્યા ત્યારે પરોઢિયાના સમયે સવારે ૪ કલાકના અરસામાં પાછળથી યમદૂત બનીને આવી રહેલ ભાવનગર પાસિંગનો ટ્રક નં.જીજે.૦૪ એક્સ.૬૮૬૬ના ચાલકે સાત પદયાત્રીને અડફેટે લઈ કચડી નાંખી ટ્રક લઈ શખ્સ નાસી ગયો હતો. આ ગોઝારા અકસ્માતની ઘટનામાં ઈજા પામેલા સાતેય શ્રધ્ધાળુને ૧૦૮ મારફતે ગાબડતોડ ભાવનગરની સર ટી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગંભીર ઈજા પામેલા ધીરૂભાઈ ઉર્ફે ચંગભાઈ ઉદેસંગભાઈ ગઢવી (ઉ.વ.૬૦), તેમનો પુત્ર વિજયદાન ધીરૂભાઈ ગઢવી (ઉ.વ.૩૫, રહે, બન્ને ચંદ્રાસણ, તા.કડી) અને પ્રતાપસિંહ ભીમસિંહ ચૌહાણ (ઉ.વ.૩૦, રહે, વરસોડા ગામ)ને ગંભીર ઈજા થતાં તેમના કરૂણ મોત થયા હતા.

જ્યારે બકાભાઈ છોટાભાઈ પટેલ, બાબુભાઈ બચુભાઈ ડાભી, મેલાભાઈ કનુભાઈ ડાભી, ગુલાબસિંહ રાઠોડને ગંભીર ઈજા થતાં તેમને સારવાર માટે સર ટી.હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. વરસોડા અને ખુમરવાડ ગામના ચાર પૈકીના એક ઈજાગ્રસ્તને વધુ સારવાર માટે અમદાવાદ રિફર કરાયાનું જાણવા મળ્યું છે.

રાજપરા ખોડિયાર મંદિરે આવી રહેલા પદપાળા સંઘના સાત પદયાત્રિકોને અડફેટે ચડાવી ટ્રકચાલક શખ્સ સામે ઈજાગ્રસ્ત બાબુભાઈ બચુભાઈ ડાભી (ઉ.વ.૪૨, રહે, ખુમરવાડ, તા.મહેમદાવાદ, જિ.ખેડા)એ વેળાવદર ભાલ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવતા પોલીસે આઈપીસી ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪એ, એમ.વી. એક્ટની કલમ ૧૩૪, ૧૭૭, ૧૮૪ મુજબ ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મોટી દુર્ઘટના બને તો ભાવનગર ફાયર બ્રિગેડ વામણું, રેસ્ક્યુ માટે પર્યાપ્ત સાધનોનો અભાવ

## હાઈડ્રોલીક પ્લેટફોર્મ નહિ હોવાથી રેસ્ક્યુમાં દોરડા અને નિસરણીની બાબા આદમ વખતની પદ્ધતિ જ એક માત્ર વિકલ્પ! :શહેરની વસ્તી, વિસ્તાર વધ્યો અને બહુમાળી ઈમારતો માટે પ્લાન પણ ધડાધડ પાસ થઈ રહ્યા છે પરંતુ મોટી લંબાઈના હાઈડ્રોલીક પ્લેટફોર્મ હજુ ભાવનગર પાસે નથી

ભાવનગર, તા.૧૪

ભાવનગરમાં કોઈ મોટી દુર્ઘટના બને તો ખરા સમયે ફાયર બ્રિગેડ કામ ન કરી શકે અને હાથ પર હાથ ધરી બેસી રહેવું પડે તેમ છે ! બહુમાળી ઈમારતો માટે સરકારે બેધડક મંજૂરીઓ આપી છે પરંતુ આગ અકસ્માતના સમયે રેસ્ક્યુ માટે ફાયર બ્રિગેડને પૂરતા સાધનો નથી ફાળવાયા તે પણ હકીકત છે. હાઈડ્રોલીક પ્લેટફોર્મ માટે કોર્પોરેશને લગભગ ચારેક વર્ષ પૂર્વે સરકારમાં માંગણી કરી છે જે હજી પુરી થઈ નથી.!

ભાવનગર મહાપાલિકા પાસે વર્ષ ૧૯૯૩માં ૧૭ મીટરની હાઈડ્રોલીક સિસ્ટમ હતી. સમય જતાં સિસ્ટમ કંડમ થઈ. વર્ષ ૨૦૧૨માં તેના મેઈન્ટનસ માટે કોટેશન કઢાવતા રૂ.૬૦ લાખનું એસ્ટીમેટ આવેલ. આથી કડકી કોર્પોરેશને વિચાર પડતો મુકેલ. પરંતુ ભાવનગરની જરૂરીયાત પુરી કરવા ચાર વર્ષ પૂર્વે સરકારમાં રજુઆત કરતા સરકાર પોતે હાઈડ્રોલીક પ્લેટફોર્મ -ત્રણ ટર્ન ટેબલ લેડર ખરીદી કરીને ભાવનગર મોકલશે તેવી હૈયાધારણા અપાઈ હતી. જે આજદિન સુધી વચન પૂર્ણ થયું નથી.

ભાવનગરમાં બહુમાળી ઈમારતો માટે સરકારે લીલીઝંડી આપી પ્લાન પાસ કર્યા છે પરંતુ આગ અકસ્માત સમયે બચાવ કામગીરી માટે ફાયર બ્રિગેડને સજ્જ કરવાની વાતો હવામાં જ રહી છે.! સુરતમાં ટ્યુશન ક્લાસમાં અગ્નિકાંડની ઘટના બાદ સરકાર સફાળી જાગી હતી અને બિલ્ડર્સ માટે ફાયર એનોસી ફરજીયાત કરાયું છે પરંતુ સરકાર અને તંત્ર ફાયર સાધનો વસાવામાં બેદરકાર રહ્યું છે પરિણામે કોઈ મોટી દુર્ઘટના બને તો પ્રજા ભગવાન ભરોસે રહે તેવી સ્થિતિ છે.

હાલ ભાવનગર ફાયર બ્રિગેડ પાસે નિસરણી અને દોરડાઓ દ્વારા રેસ્ક્યુનો એક માત્ર વિકલ્પ છે અને ફાયર બ્રિગેડ તંત્ર મોટી લંબાઈના હાઈડ્રોલીક પ્લેટફોર્મ જેવા અત્યાધુનિક સાધનોથી વંચિત છે, ભુતકાળમાં ઘોઘારોડ પર શુભ સંકેત ફ્લેટના દાદરા તૂટી પડવાની ઘટનામાં હાઈડ્રોલીક પ્લેટફોર્મ નહિ હોવાથી લોકોને નિસરણી અને દોરડા વડે બહાર કાઢવા પડ્યા હતા.

## ફાયર ડે નિમિત્તે શહીદ જવાનોને મૌન પાળી શ્રદ્ધાંજલી અપાઇ : શહેરના મુખ્ય માર્ગો પર ફાયરના વાહનો સાથે નિદર્શન માટે યોજાઇ રૂટ માર્ચ, કમિશનરે સજોડે ઉપસ્થિત રહી કરાવ્યું પ્રસ્થાન








તસવીર : મૌલીક સોની

અગ્નિશમન સપ્તાહ નિમિત્તે રવિવારે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ફાયર સર્વિસીસના તમામ વાહનોનું જાહેર નિદર્શન યોજાયું હતું જેને કમિશનરે સજોડે ઉપસ્થિત રહી પ્રસ્થાન કરાવ્યું હતું. ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ દ્વારા સવારે ૯ વાગે શહીદ થયેલા ફાયરના જવાનો માટે બે મિનિટનું મૌન રાખીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જ્યારે સાંજે ભાવનગર ફાયર સર્વિસના વાહનો ફાયર ફાઈટર, રેસ્ક્યુવાન, હેવી ફાયર ટેન્કર, ફોમ એન્ડ ડીસીપી ટેન્કર, એમ્બ્યુલન્સ, ધર્મ રથ વગેરે વાહનો સાથે તમામ ફાયર સ્ટાફ ફાયર સ્ટેશનથી એસ.ટી બસ સ્ટેન્ડ, પાનવાડી, ગંગાજળિયા તળાવ, હેવમોર ચોક, એમ જી રોડ, ખારગેટ, દિવાનપરા, હલુરીયા, ક્રેસન્ટ, ડોન, ડાયમંડ ચોક, મહિલા કોલેજ, ઘોઘા સર્કલ, રૂપાણી, સરદાર નગર, સંસ્કાર મંડળ, ભાંગલી ગેટ, રામ મંત્ર મંદિર, લખુભા હોલ, વિરાણી સર્કલ, દિલ બહાર પાણીની ટાંકી, સેન્ટ્રલ સોલ્ટ, તખ્તેશ્વર મંદિર, રાધા મંદિર, સંત કંવરરામ ચોક, કાળા નાળા, જેલ રોડ, નીલમબાગ સર્કલ, વિઠ્ઠલવાડી પેટ્રોલ પંપથી ફાયર સ્ટેશન રેલી સ્વરૂપે જાહેર જનતાના નિદર્શન માટે રુટમાર્ચ યોજી હતી.

# ચિત્રા જી.આઈ.ડી.સી. વિસ્તારમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

ભાવનગર તા.૧૫

ભાવનગરના ચિત્રા, જીઆઈડીસી વિસ્તારમાં આવેલ રેલવેના નાળા પાસેથી અજાણ્યા યુવાનોનો મૃતદેહ મળી આવતા બોરતળાવ પોલીસે મૃતદેહને હોસ્પિટલ ખસેડી તેની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી છે.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ ભાવનગરના ચિત્રા જીઆઈડીસી પાસે આવેલ રેલવે નાળા પાસેથી અજાણ્યા યુવાનનો મૃતદેહ પડ્યો હોવાની જાણ કરવામાં આવતા બોરતળાવ પોલીસ બનાવ સ્થળે દોડી ગઈ હતી અને યુવાનના મૃતદેહને સર ટી. હોસ્પિટલ ખસેડી તેની ઓળખ મેળવવા સહિતની તજવીજ હાથ ધરી છે.

# કરચલિયાપરા વિસ્તારમાં હાથકાપનો જુગાર રમતા ચાર શખ્સની ધરપકડ



ભાવનગર તા.૧૫

ભાવનગરના કરચલિયાપરા, વાલ્મિકી વાસ વિસ્તારમાં જુગાર રમતા ૦૪ ઈસમોને ગંગાજળિયા પોલીસે રોકડ રકમ સાથે ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

ગંગાજળિયા પોલીસ સ્ટાફ ગત રાત્રિના સમયે કરચલીયાપરા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન મળેલી બાતમીના આધારે વાલ્મિકીવાસ, શીતળા માતાજીની દેરી નજીક જાહેરમાં પૈસા વતી અંદર બહારનો હાથ કાપનો હારજીતનો જુગાર રમતા પ્રકાશ ઉર્ફે પકો ગેંદરડો પ્રવીણભાઈ ડાભી, રાકેશ ઉર્ફે રવિ બુધાભાઈ ચૌહાણ, રોહિત ઉર્ફે ભમ્ભો રાજુભાઈ બારૈયા અને સંદીપ ભુપતભાઈ ડાભીને ઝડપી લીધા હતા.

ગંગાજળિયા પોલીસે રોકડા રૂ.૧૪,૪૦૦/- કબજે કરી જુગાર રમતા ઝડપાયેલ તમામ ઈસમો વિરુદ્ધ જુગારધારાની કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ક. પરા ટોળકીનગરમા જુગાર રમતાં ૯ ઝબ્બે

## રોકડ રૂ.૧૪ હજાર સહિતનો મુદામાલ કબ્જે કરાયો



ભાવનગર, તા.૧૫

ભાવનગર શહેરના કરચલિયા પરા વિસ્તારમાં આવેલ ટોળકીનગર પાસે ખૂલ્લી જાહેર જગ્યામાં જુગાર રમતા નવ ગેમ્બલરોને ગંગાજળીયા પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ગંગાજળિયા પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન બાતમી મળી હતી કે, શહેરના કરચલિયા પરા વિસ્તારમાં આવેલ ટોળકીનગરમાં આવેલ મહાદેવના મંદિરની સામેની ગલીમાં જાહેર જગ્યામાં અમુક માણસો ગોળ કુંડાળુ વળી ગંજીપતાનાં પાનાં વડે હાથકાંપનો હારજીતનો જુગાર રમે છે. જે જગ્યાએ પોલીસે રેડ કરતા જુગારની બાજી માંડી બેઠેલા ૯ શખ્સો સુનિલ ઈશ્વરભાઈ પરમાર, સંદીપ શાંતિભાઈ ચુડાસમા, રામ બુધાભાઈ બારૈયા, સુનિલ ઉર્ફે મુન્નો અરવિંદભાઈ સોલંકી, રાકેશ રાજુભાઈ ડાભી, રાકેશ ઉર્ફે જાડિયો જગદીશભાઈ વાઘેલા, અશોક ઉર્ફે મનીષ કિશોરભાઈ ચૌહાણ, સંજય ઉર્ફે કાળીદાસ ચંદુભાઈ વાઘેલા તથા રવિ ઉર્ફે ભાકો પ્રવીણભાઈ વેગડ રહે.તમામ કરચલિયા પરા, વાળાઓ પાસેથી જુગારના પટમાં પડેલા રોકડ રૂપિયા ૧૪,૦૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તમામ વિરૂધ્ધ ગંગાજળીયા પોલીસ સ્ટેશનમાં જુગાર ધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# કાછીયાવાડમાં દુકાન માલિક, ભાડુઆત વચ્ચે મારામારી : સામસામી ફરિયાદ

ભાવનગર, તા.૧૫

વડવા કાછીયાવાડમાં રવિવારે સવારે દુકાન માલિક અને ભાડુઆત વચ્ચે ઝઘડો થતાં બન્ને પક્ષે એકબીજા પર હુમલો કર્યો હતો. એક પક્ષે લોખંડની પાઈપથી હુમલો કર્યો બીજા પક્ષે લોખંડના તોલાથી માથામાં ઈજા પહોંચાડી હતી. પોલીસે બન્ને પક્ષે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે મયુદ્દીન ગુલમહંમદ દલએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અશરફ ઈબ્રાહીમ અને મુમતાઝબહેન ઈબ્રાહીમના નામ જણાવ્યા છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ફરિયાદી આરોપી અશરફની દુકાનના ભાડુઆત છે. સવારે અશરફે દુકાન પાસેથી લારી હટાવી લેવાનું કહેતા ફરિયાદીએ જગ્યા કોર્પોરેશનની છે તેમ કહેતા ઝઘડો થયો હતો. દરમિયાનમાં મુમતાઝબહેને લોખંડના તોલાથી હુમલો કરતા ફરિયાદીને માથામાં ઈજા પહોંચી હતી. જયારે સામા પક્ષે મુમતાઝબહેને નોંધાવેલી ફરિયાદમાં ગુલમહંમદભાઈ, મયુદ્દીનભાઈ દલ અને અમનભાઈએ ફરિયાદીનો પુત્ર સવારે નાસ્તો લેવા માટે ગયો ત્યારે આરોપીઓએ પંદર દિવસ પહેલા દુકાનની જે નોટીસ આપી હતી તેની દાઝ રાખી ઝઘડો કરી લોખંડની પાઈપથી હુમલો કરી માથામા ઈજા પહોંચાડી હતી. હુમલામાં ફરિયાદીને કોણીના ભાગે ફ્રેક્ચર થઈ ગયું હતું પોલીસે બન્ને પક્ષે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# દેવળીયા નજીક વડોદરાના વિદ્યાર્થીઓની બસ સાથે ટ્રકનો અકસ્માત થતા ૨૦ને ઈજા

## દીવ, સોમનાથ, ગીરનો પ્રવાસ કરી વિદ્યાર્થીઓ પરત જઈ રહ્યા હતા, ઈજાગ્રસ્તો મહુવાની હોસ્પિટલમાં દાખલ

ભાવનગર, તા.૧૫

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના દેવળિયા ગામ નજીક મોડી રાત્રિના સમયે બે દિવસનો દિવનો પ્રવાસ કરી વડોદરા પરત જઈ રહેલી વિદ્યાર્થીઓની બસ સાથે ટ્રકે જોરદાર ટક્કર મારતા ૨૦ જેટલા વિદ્યાર્થીઓ, ટ્યુશન ક્લાસના સંચાલક સહિતને ઈજા પહોંચી હતી. મોડી રાત્રિના સમયે સર્જાયેલા અકસ્માતને લઈ વિદ્યાર્થીઓ હેબતાઈ જઈ રાડા-રાડી કરી હતી. બસને અકસ્માત નડયાની જાણ થતાં વિદ્યાર્થીઓના વાલીઓમાં પણ ચિંતાનું મોજું ફરી વળ્યું હતું અને તેઓ મહુવા હોસ્પિટલ દોડી આવ્યા હતા.

સમગ્ર બનાવ અંગે મળતી વિગતો મુજબ વડોદરા શહેરના તરસાલી, સુસેશન રીગ રોડ, પરમેશ્વર પ્યુપ્લેક્ષમાં રહેતા અને રહેણાંકની બાજુમાં જ આવેલા પરમેશ્વર કોમ્પલેક્ષમાં શ્રીજી ગ્રુપ ટ્યુશન ક્લાસીસ નામનું ટ્યુશન ક્લાસ ચલાવતા કેતનકુમાર કિરીટકાંત પરીખ (ઉ.વ.૫૨)એ તેમના ટ્યુશન ક્લાસમાં આવતા ધો.૧૦ અને ૧૨ના ૨૫ વિદ્યાર્થી- વિદ્યાર્થિનીઓ સાથે સાસણ ગીર, સોમનાથ, દીવનો પ્રવાસ ગોઠવી ટ્યુશન ક્લાસના સંચાલક અને તેમના પત્ની અંજલીબેન ગત તા.૧૧-૪ના રોજ રાત્રિના સમયે શિવમ ટ્રાવેલ્સની બસ નં.જીજે.૦૬.બીટી.૧૬૫૧ લઈ વડોદરાથી નીકળી બીજા દિવસે તા.૧૨-૪ના રોજ સાસણ ગીર પહોંચી ત્યાં જ રાત્રિ રોકાણ કરી તા.૧૩-૪ના રોજ સોમનાથ અને દીપ ફરવા ગયા હતા. અહીંથી રાત્રિના નવેક વાગ્યે વિદ્યાર્થીઓની ખાનગી લકઝરી બસ વડોદરા પરત જવા નીકળી ત્યારે તા.૧૪-૪ની રાત્રિના દોઢેક વાગ્યાના અરસામાં મહુવા તાલુકાના દેવળિયા ગામ પાસે વડવાળા પેટ્રોલપંપ નજીક હાઈવેના વન-વે રોડ ઉપરથી પસાર થઈ રહી હતી. ત્યારે બેફામ ગતિએ આવી રહેલ ટ્રક નં.જીજે.૧૧.યુ.૭૯૯૪ના ચાલકે બસ સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો. આ બનાવમાં દંપતી, બસના ચાલક નંદકિશોરભાઈ બાલુભાઈ ભટ્ટ અને ૨૫ પૈકીના ૧૬ વિદ્યાર્થીઓને નાની-મોટી ઈજાઓ થતાં તેમને લોકોની મદદથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વારાફરતી મહુવાની હનુમંત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યારે અકસ્માત સર્જનાર ટ્રકના ડ્રાઈવરને પણ ઈજા થઈ હતી. જો કે, ઈજા થઈ હોવા છતાં શખ્સ ટ્રક મુકી નાસી ગયો હતો.

બનાવ સંદર્ભે કેતનકુમાર પરીખે ટ્રકના ચાલક સામે મહુવા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૨૭૯, ૩૩૭, ૩૩૮, એમ.વી. એક્ટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ઠળીયા ગામે બાઈક લઈ લેવાનું કહેતા કાકાનો ભત્રીજા પર હુમલો

ભાવનગર, તા.૧૫

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ઠળીયા ગામે બાઈક લઈ લેવાનુ કહેવા બાબતે ઉશ્કેરાયેલા યુવાને તેના ભત્રીજા પર પાઈપ વડે હુમલો કર્યો હતો.

ભત્રીજાને ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ઈજાગ્રસ્ત ભત્રીજાએ સારવાર બાદ કાકા વિરુદ્ધ તળાજા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગે જાણવા મળતી વિગતો અનુસાર તળાજાના ઠળીયા ગામે રહેતા અને ગામમાં જ હેર સલૂન ધરાવતા સંજય વેલજી ગળથરીયા ઉ.વ.૨૮ના ઘરના દરવાજા સામે તેના કૌટુંબિક કાકા દિલીપ વલ્લભભાઈ ગળથરીયાએ બાઈક આડુ મૂક્યું હોય આ બાઈક સંજયે દિલીપને લઈ લેવા જણાવતા ઉશ્કેરાયેલા દિલીપે ભત્રીજા સંજયને ગાળો દેતાં સંજયે ગાળો આપવાની ના પાડતા દિલીપે સંજય પર પાઈપ વડે હુમલો કરી મારમારી લોહીયાળ ઈજાઓ પહોંચાડી હતી. જે દરમિયાન દેકારો થતા આસપાસના લોકો દોડી આવતા દિલીપ સંજયને જાનથી મારી નાંખવાની ધમકી આપી જતો રહ્યો હતો.

જયારે ઈજાગ્રસ્ત સંજયને સારવાર અર્થે તળાજા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જયાં સારવાર બાદ તેણે દિલીપ વલ્લભભાઈ ગળથરીયા વિરુદ્ધ તળાજા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અવસાન નોંધ

**સિંધી મરણ**

ભાવનગર નિવાસી જેઠાનંદ રામુમલ મનવાણી (ઉ.વ.૬૫) કે જેઓ સ્વ. ગંગારામ, ટીલુમલ, જેસાભાઈ ના ભાઈ થાય તેમજ સંજયભાઈ, જેકીભાઈ ના પિતા થાય તેમજ નરેશભાઈ, જીતુભાઇ, અમરભાઈ, સુનિલભાઈ, હિતેશભાઈ, નિલેશભાઈ, અક્ષયભાઈ ના કાકા થાય તેમજ ગોપીભાઈ, હીરાભાઈ, કિશનભાઈ, રમેશભાઈ ના કાકા ના દીકરા ભાઈ થાય તેમનું તારીખ ૧૪-૦૪-૨૦૨૪ ને રવિવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું પગડીયું તારીખ ૧૬-૦૪-૨૦૨૪ ને મંગળવાર ના રોજ સાંજે ૫ થી ૬ સુધી, સંત સેવારામ મંદિર, સિન્ધુનગર, ભાવનગર મુકામે ભાઈઓ બહેનો માટે સાથે રાખેલ છે.

# સણોસરાના યુવાન પર પાંચ શખ્સો દ્વારા જીવલેણ હુમલો

ભાવનગર, તા.૧૫

ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના સણોસરા ગામે રહેતા માલધારી યુવાનને તેના ગામનાં શખ્સે રસ્તા વચ્ચે આંતરી નજીવી બાબતે ઉશ્કેરાઈ જઈ મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ઈજાગ્રસ્ત યુવાને ૫ શખ્સો વિરુદ્ધ સોનગઢ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ સિહોર તાલુકાના સણોસરા ગામે રહેતો અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલો યુવાન ગોપાલ ગોવિંદ જોટાણા ઉ.વ.૨૨ રે.વડવાળા નગર સણોસરા વાળો ગત રાત્રીના સમયે ગામને સીમાડે આવેલ મંદિરે દર્શન કરી બાઈક લઈ પરત આવી રહ્યો હતો, તે દરમિયાન સણોસરાના નેસડા વિસ્તારમાં તેના ગામના વિજય સુખા સાંબડ નામનો શખ્સ રસ્તામાં સામો મળ્યો હતો. એ વખતે વિજયે ગોપાલને આંતરી કહેલ કે 'તું મારી સામે કાતર કેમ મારે છે' અને ગાળો દેતા ગોપાલે ગાળો દેવાની ના પાડતા ઉશ્કેરાયેલા વિજયે ગોપાલને લાફા મારી તેના બાઈકની ચાવી ખેંચી લેતા ગોપાલ ઘરે આવતો રહ્યો હતો.

એ દરમ્યાન થોડી વાર પછી આરોપી વિજય સુખાભાઈ સાંબડ, સંજય સુખાભાઈ સાંબડ, જીતુ જોગાભાઈ સાંબડ, હરૂ જોગાભાઈ સાંબડ તથા હીરા જોગાભાઈ સાંબડ રે.તમામ સણોસરા વાળા ગોપાલના ઘરે પાઈપ, ધોકા, કુહાડી જેવા હથિયારો સાથે આવી ગાળો આપતા ગોપાલના પિતા ગોવિંદ સામંતભાઈ જોટાણાએ આરોપીઓને ગાળો ન બોલવા અને ઝઘડો ન કરવા સમજાવતા આરોપીઓએ ગોવિંદભાઈને પણ પાઈપ વડે ફટકારી પિતા-પુત્રને જાનથી મારી નાંખવાની ધમકી આપી ઘરના બારી બારણાની તોડફોડ કરી નુકસાન કરી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત ગોપાલને સારવાર અર્થે સિહોર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જયાં સારવાર બાદ તેણે પાંચેય આરોપીઓ વિરુદ્ધ સોનગઢ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ૨૦૫૦માં હિંદુઓની વસ્તી દુનિયામાં ત્રીજા ક્રમે હશે : મુસલમાનોનો ગ્રોથ સૌથી વધુ રહેશે

## અમેરિકન સંસ્થા પ્યૂ રિસર્ચ સેન્ટરે રિપોર્ટ જાહેર કર્યો

નવી દિલ્હી,
૨૦૫૦ સુધીમાં મુસ્લિમ સમુદાયમાં વસ્તી વિસ્ફોટ થશે. વર્ષ ૨૦૫૦ માં મુસ્લિમોની વસ્તી ૩ અબજ નજીક પહોંચી જશે. ૨૦૨૫ સુધીમાં મુસ્લિમોની ૨ અબજ ૯૦ કરોડ વસ્તી થઈ જવાનો દાવો અમેરિકાની સંસ્થા દ્વારા રિપોર્ટમાં દાવો કરાયો છે. અમેરિકાની પ્યૂ રિસર્ચ સેન્ટરનો ચોંકાવનારો રિપોર્ટ આવ્યો છે. જે મુજબ, મુસલમાનોનો ગ્રોથ સૌથી વધારે રહેશે. ત્રીજા ક્રમ સાથે હિન્દુઓ ૧ અબજ ૩૮ કરોડ નજીક હશે. જે રીતે પૃથ્વી પર લોકોની વસ્તી ધીમે ધીમે વધી રહી છે. તેને લઈને દુનિયાભરના લોકો ચિંતામાં છે. ત્યારે આ વચ્ચે અમેરિકાની એક સંસ્થા પ્યૂ રિસર્ચ સેન્ટર દ્વારા થયેલો સર્વે લોકોની ચિંતામાં વધારો કરી રહ્યો છે. આ રિપોર્ટમાં દાવો કરાયો છે કે ૨૦૫૦ સુધી મુસ્લિમ લોકોની વસ્તીનો ગ્રોથ સૌથી વધારે રહેવાનો છે. જેથી ૨૦૫૦ સુધીમાં દુનિયામાં મુસ્લિમોની વસ્તી ૨ અબજ ૯૦ કરોડ સુધી પહોંચી જશે. એટલે કે ખ્રિસ્તી બાદ સૌથી વધુ જનસંખ્યા મુસ્લિમોની હશે. તો ૧ અબજ ૩૮ કરોડની જનસંખ્યા સાથે હિન્દુઓ દુનિયામાં ત્રીજા ક્રમે હશે. એટલે કે હિન્દુઓની જનસંખ્યા મુસ્લિમ સમુદાય કરતા અડધી હશે. આ રિપોર્ટમાં એ પણ દાવો કરાયો છે કે ૨૦૫૦ સુધીમાં બોદ્ધ ધર્મના લોકોની વસ્તીમાં ઘટાડો થશે. જ્યારે યહૂદીઓની વસ્તી પણ ૨૦૫૦માં ૦.૨ ટકા રહેવાનું અનુમાન છે. ૨૦૫૦ સુધીમાં દુનિયામાં સૌથી વધુ વસ્તી ખ્રિસ્તી લોકોની હશે, જે દુનિયાના ૩૧.૪ ટકા સુધી રહેવાનું અનુમાન અમેરિકાની સંસ્થાએ કર્યુ છે. સંસ્થાએ નાસ્તિકો પર પણ અહેવાલ આપ્યો છે. રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૧૦ સુધીમાં દુનિયામા નાસ્તિકોની વસ્તી ૧.૧ અબજ કરતા વધારે હતી.

# આંધ્રપ્રદેશના સીએમ જગન મોહન રેડ્ડીના કાફલા પર પથ્થરમારો

## મુખ્યમંત્રીનું માથું ફોડી નાખ્યું

નવીદિલ્હી
આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડી પોતાના કાફલા પર પથ્થરમારો થતાં ઘાયલ થઈ ગયા છે. આજે ચૂંટણી પ્રચાર દરમ્યાન મેમંથા સિદ્ધમ બસ યાત્રા પર પથ્થરમારો થયો હતો. સીએમ વાઈએસ જગનના માથા પર ઈજા થઈ છે. જ્યારે તેમની બાજુમાં ઉભેલા ધારાસભ્ય વેલ્લમપલ્લીની જમણી આંખમાં ઈજા થઈ છે. હાલમાં તેઓ ડોક્ટર્સની દેખરેખ હેઠળ છે.

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી વાઈએસ જગન મોહન રેડ્ડી તે સમયે ઘાયલ થઈ ગયા, જ્યારે તેઓ મેમંથા સિદ્ધમ બસ યાત્રા સાથે વિજયવાડાથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે એક અજાણ્યા શખ્સે ગુલેલથી પથ્થર ફેંકીને તેમને ટાર્ગેટ કરવાની કોશિશ કરી હતી.

મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડીને સિંહનગરમાં વિવેકાનંદ સ્કૂલ કેન્દ્ર નજીક આ દુર્ઘટના થઈ હતી. તેની જમણી બાજુથી આ હુમલો થયો હતો. જેના કારણે તેમની માથામાં ઈજા થઈ છે. જો કે મુખ્યમંત્રી ભાગ્યશાળી નીકળ્યા અને તેમને આંખથી બસ થોડી દૂર વાગ્યું છે. સીએમ જગનની બાજુમાં ઊભેલા ધારાસભ્યની આંખમાં ઈજા થઈ છે. ઘટનાના સમયે જગન રેડ્ડી જનતાને હાલ ઊંચા કરી અભિવાદન જીલી રહ્યા હતા.

તેમને તાત્કાલિક બસમાં લઈ જવામાં આવ્યા અને ડોક્ટર્સ પાસે લઈ ગયા. તેમની સારવાર બાદ જાહેરાત કરાઈ છે કે તેઓ ખતરામાંથી બહાર છે.

# પંજાબમાં વિશ્વ હિન્દુ પરિષદના સ્થાનિક પ્રમુખની થઈ હત્યા

## દુકાનમાંથી લોહીથી લથબથ લાશ મળી

પંજાબ,
પંજાબના આનંદપુર સાહિબના નાંગલમાં વિશ્વ હિન્દુ પરિષદના સ્થાનિક પ્રમુખ અને નેતા વિકાસ પ્રભાકરની હત્યા કરવામાં આવી છે. હત્યારાઓએ પ્રભાકરની દુકાનમાં જ હત્યા કરી હતી. દિવસે દિવસે બનેલી આ ઘટનાથી આસપાસના વિસ્તારોમાં ભયનો માહોલ ફેલાયો છે. પોલીસે ઘટના સ્થળે પહોંચીને મામલાની તપાસ શરૂ કરી હતી. હત્યારાઓએ દુષ્કર્મ આચરતા આ બનાવ બપોરના પોણા પાંચ વાગ્યાના સુમારે બન્યો હતો. તમને જણાવી દઈએ કે, મૃતક વિકાસ પ્રભાકરને લગભગ ત્રણ મહિના પહેલા જ અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. દુકાનની અંદર લોહીથી લથપથ તેની લાશ મળી આવી હતી. પ્રભાકરના માથા પર પાછળથી હુમલો કરવામાં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આ હુમલો તિક્ષ્ણ હથિયાર વડે કરવામાં આવ્યો હતો જે તેના માથા પરના ઘા પરથી સ્પષ્ટ થાય છે. હુમલા બાદ તરત જ પ્રભાકર દુકાનની અંદર પડી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ આસપાસના દુકાનદારોએ તેને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો, પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

# વીજળીની માગને પહોંચી વળવા ભારત સરકારે ગેસ આધારિત પાવર પ્લાન્ટ્સ કાર્યરત કરવા લીધા પગલા

## ગેસ-આધારિત જનરેટિંગ સ્ટેશનોમાંથી મહત્તમ વીજ ઉત્પાદન સુનિશ્ચિત કરવા માટે ધારા ૧૧ અંતર્ગત નિર્દેશો જારી કરવામાં આવ્યા

નવીદિલ્હી,
ઉનાળાની ઋતુમાં દેશમાં વીજળીની ઊંચી માગને પહોંચી વળવા માટે ભારત સરકારે ગેસ આધારિત પાવર પ્લાન્ટ્સ કાર્યરત કરવાનો નિર્ણય લીધો છે. ગેસ-આધારિત જનરેટિંગ સ્ટેશનોમાંથી મહત્તમ વીજ ઉત્પાદન સુનિશ્ચિત કરવા માટે સરકારે તમામ ગેસ-આધારિત જનરેટિંગ સ્ટેશનોને ઈલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ની કલમ ૧૧ હેઠળ



દિશાનિર્દેશો જારી કર્યા છે (જે અંતર્ગત સરકાર તે નિર્દેશ કરી શકે છે કે એક ઉત્પાદન કંપની, અસાધારણ પરિસ્થિતિઓમાં) કોઈ પણ ઉત્પાદન સ્ટેશનનું સંચાલન અને જાળવણી તે સરકારના નિર્દેશો મુજબ કરે.)

ગેસ-આધારિત જનરેટિંગ સ્ટેશન્સ (જીબીએસ)નો નોંધપાત્ર હિસ્સો હાલમાં બિનઉપયોગી છે, જેનું મુખ્ય કારણ વ્યાવસાયિક બાબતો છે. કલમ ૧૧ હેઠળનો આદેશ, જે આયાતી કોલસા-આધારિત પાવર પ્લાન્ટ્સ માટે કરવામાં આવે છે.

# પૅલેસ્ટાઈન સમર્થક ગુજરાતી યુવતીએ અમેરિકામાં મચાવ્યું દંગલ : ધરપકડ

કેલિફોર્નિયા
અમેરિકાના કેલિફૉર્નિયા રાજ્યમાં બેકર્સફીલ્ડ શહેરની કાઉન્સિલમાં ગાઝામાં યુદ્ધવિરામના મુદ્દે પ્રસ્તાવ પર ચર્ચા થઈ રહી હતી ત્યારે મેયર અને કાઉન્સિલના મેમ્બરોને જાનથી મારી નાખવાની ધમકી આપવાના આરોપમાં ૨૮ વર્ષની ભારતીય અમેરિકન યુવતી રિદ્ધિ પટેલની ધરપકડ કરવામાં આવી છે. રિદ્ધિ પટેલનું ભાષણ સોશ્યલ મીડિયા ઍક્સ અને ટિકટૉક પર વાઇરલ થયું છે.રિદ્ધિએ ગાઝામાં યુદ્ધવિરામ માટે લાવવામાં આવેલા પ્રસ્તાવનું સમર્થન નહીં કરવાના મુદ્દે નારાજગી દર્શાવી હતી અને તેણે ધમકીભર્યું ભાષણ આપ્યું હતું. ત્યાર બાદ તેની ધરપકડ કરીને તેને જેલમાં મોકલી દેવામાં આવી છે. રિદ્ધિ પટેલ પર આરોપ છે કે તેણે કાઉન્સિલના મેમ્બરો અને મેયરને ધમકી આપીને લોકોને ડરાવ્યા છે. પોલીસે જ્યારે તેને કોર્ટમાં રજૂ કરી ત્યારે તે રડતી નજરે પડી હતી. રિદ્ધિ પટેલે તેના ભાષણમાં કહ્યું હતું કે 'તમે સૌ લોકો એકદમ ખરાબ માણસો છો અને જો ઈસા મસીહ અહીં હોત તો તેમણે જાતે જ તમને લોકોને મારી નાખ્યા હોત. તમારામાંથી કોઈને પણ પરવા નથી કે પૅલેસ્ટાઇનમાં શું થઈ રહ્યું છે અથવા તો એવા દેશોમાં કે જ્યાં લોકોને પરેશાન કરવામાં આવી રહ્યા છે.

# દેશમાં ત્રણ પ્રકારની વંદે ભારત ટ્રેન દોડશે બુલેટ ટ્રેનને લઈને પણ ભાજપે કર્યો વાયદો

નવીદિલ્હી,
લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ભાજપે પોતાનો સંકલ્પ પત્ર જાહેર કર્યો છે. મોદીની ગેરંટીના નામથી આ સંકલ્પ પત્રમાં ભાજપે યુવાઓ, મહિલાો, ખેડૂતો અને ગરીબો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. મોદી સરકાર ૩.૦માં શું કરવામાં આવશે તેનો એક રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.

ભાજપે વાયદો કર્યો કે મોદી સરકારના આગામી કાર્યકાળમાં વંદે ભારત ટ્રેનની સંખ્યા વધારવામાં આવશે. ત્રણ રીતની વંદે ભારત ટ્રેન, વંદે ચેર કાર, વંદે સ્લીપર અને વંદે મેટ્રો ટ્રેન પાટા પર દોડશે. કેટલાક દિવસ પહેલા કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ વાતનો ઉલ્લેખ પણ કર્યો હતો. પાર્ટીના સંકલ્પ પત્રમાં લખવામાં આવ્યું, 'વર્તમાન સમયમાં મોદી સરકાર ૧૩૦૦થી વધુ રેલ્વે સ્ટેશનોનું વિશ્વસ્તરીય માનકોનો પુનર્વિકાસ કરી રહી છે. અમે વિશ્વસ્તરીય વંદે ભારત, અમૃત ભારત અને નમો ટ્રેનનો વિકાસ અને નિર્માણ કર્યું છે. બીજી તરફ વંદે ભારત સ્લીપર ટ્રેન દ્વારા દેશની જનતા આરામદાયક લાંબા અંતરની મુસાફરી કરી શકશે. દેશના મુખ્ય શહેરોમાં મેટ્રોનો વિસ્તાર કરવામાં આવશે. છેલ્લા ૧૦ વર્ષમાં ૨૦થી વધુ શહેરોમાં મેટ્રો શરૂ કરવામાં આવી છે. સંકલ્પ પત્રમાં કહેવામાં આવ્યું કે અમે (મોદી સરકાર) પ્રથમ બુલેટ ટ્રેન કોરિડોર વિકસિત કરી રહી છે. અમે આ બુલેટ ટ્રેન નેટવર્કના વિસ્તાર માટે ઉત્તર, દક્ષિણ અને પૂર્વમાં નવા કોરિડોર માટે ફિઝિબિલિટી સ્ટડી કરીશું.

# ઓવૈસી મહિલાઓની મર્યાદા જાળવતા નથી : માધવી લતા

હૈદરાબાદ
લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. સાત તબક્કાની સામાન્ય ચૂંટણી માટે ૧૯ એપ્રિલથી મતદાન શરૂ થશે. જેને જોતા રાજકીય પક્ષોએ તૈયારીઓ કરી લીધી છે. નેતાઓના પક્ષ બદલવાથી લઈને રાજકીય નિવેદનો સુધીનો સિલસિલો ચાલુ રહે છે.

ત્યારે હૈદરાબાદના ભાજપના ઉમેદવારે ઓવૈસીને લઈને ફરી એકવાર પ્રહાર કર્યા છે. હૈદરાબાદથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર માધવી લતાએ તેલંગાણાના હૈદરાબાદમાં ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. તે દરમિયાન તેમણે મીડિયા સાથે વાતચીત દરમિયાન AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસી પર આકરા પ્રહાર કર્યા હતા. માધવી લતાએ મીડિયા સાથે વાતચીત દરમિયાન જણાવ્યું કે ધરતી પર જન્મ લેનારા દરેકનો હક છે કે તેને ઘર, સ્વાસ્થ્ય અને શિક્ષણ મળવું જોઈએ. આ લોકોના બાળકો કેમ ન ભણે ? દરેક પ્રકારની સુવિધાઓ મળવી જોઈએ જે અમીર લોકોને મળે છે. આ લોકોને હું તેમનો હક અપાવીને જ રહીશ તેમ પણ જણાવ્યું હતું. મહત્વનું છે કે હૈદરાબાદમાં અસદુદ્દીન ઓવૈસીની વિરુદ્ધ ભાજપે માધવી લતાને મેદાને ઉતાર્યા છે.

# મેઘા એન્જિનયરિંગ કંપની પર CBIની કાર્યવાહી




નવીદિલ્હી,
સ્ટીલ મંત્રાલય તથા મેઘા એન્જિનયરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડના અધિકારિયો પર ૩૧૫ કરોડ રૂપિયાની એનઆઈએસપી પરિયોજનામાં કથિક ભ્રષ્ટાચારને લઈને કેસ નોંધવામાં આવ્યો છે. સીબીઆઈએ આ જાણકારી આપી હતી. તપાસ એજન્સીએ જણાવ્યું છે કે ૩૧૫ કરોડ રૂપિયાની પરિયોજનાના અમલિકરણમાં ભ્રષ્ટાચારને લઈ સ્ટીલ મંત્રાલયના એનએમડીસી આયર્ન એન્ડ સ્ટીલ પ્લાન્ટનાં આઠ અધિકારિઓ સહિત મેઘા એન્જિનયરિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડની સામે કેસ નોંધવામાં આવ્યા છે.

તમને જણાવી દઈએ કે હાલમાં ચૂંટણી બોન્ડને લઈને મેઘા એન્જિનયરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ ખૂબ ચર્ચામાં રહ્યું છે. હૈદરાબાદની કંપની એન્જિનયરિંગ એન્ડ ઈંફ્રાસ્ટ્રક્ચર ચૂંટણી બોન્ડ દ્વારા રાજકીય પક્ષોને દાન આપનારી બીજી સૌથી મોટી કંપની છે.

# આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહે કોંગ્રેસ પ્રમુખ ખડગે સાથે કરી મુલાકાત

નવીદિલ્હી
લોકસભાની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે. ત્યારે થોડા સમય પહેલા જ જેલમાંથી છૂટેલા આપ નેતા સંજયસિંહ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને મળવા પહોંચ્યા હતા.

આમ આદમી પાર્ટી સાંસદ સંજય સિંહે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે દિલ્હીમાં તેમના નિવાસસ્થાને મુલાકાત કરી હતી. જે બાદ સંજય સિંહે કહ્યું કે જેલમાંથી છૂટ્યા બાદ આગળની લડાઈ માટે મલ્લિકાર્જુન ખડગેના આશીર્વાદ લેવાના હતા. કારણ કે તેઓ સદનમાં પણ અમારી હિંમત વધારે છે.તેમની સાથે મુલાકાત કરી. આ દરમિયાન અમે વિપક્ષ વિરુદ્ધ દેશમાં થઈ રહેલી તપાસ એજન્સીની કાર્યવાહીને લઈને પણ વાતચીત કરી હતી.

સંજય સિંહે વધુમાં જણાવ્યું કે આગામી દિવસોમાં ટૂંક સમયમાં એક કોમન મિનિમમ પ્રોગ્રામની જાહેરાત કરવામાં આવશે, જે સરકારની રચના પછી ભારત ગઠબંધન દ્વારા લાગુ કરવામાં આવશે. સંજય સિંહે વધિમાં કહ્યું કે બાબા સાહેબની જન્મજયંતિ નિમિત્તે ભારતમાં લોકશાહી બચાવવા માટે આપણે એક થઈને કેવી રીતે કામ કરીશું તે અંગે ચર્ચા થઈ હતી.

# બાબાસાહેબના સંવિધાનના કારણે જ ગરીબ માતાનો દીકરો મોદી ત્રીજી વાર દેશસેવા કરવા આશીર્વાદ માંગે છે : મોદી

## કોંગ્રેસે બાબા સાહેબનું અપમાન કર્યું : મધ્યપ્રદેશમાં વડાપ્રધાને સભા સંબોધી

મધ્યપ્રદેશ,
મધ્યપ્રદેશમાં ચાર તબક્કામાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે. રાજકીય પક્ષોએ પ્રથમ તબક્કાની સાથે બીજા તબક્કાની બેઠકો પર ચૂંટણી પ્રચાર તેજ કર્યો છે. પીએમ નરેન્દ્ર મોદી રવિવારે બીજા તબક્કાની હોશંગાબાદ બેઠકના પિપરિયામાં જનસભાને સંબોધિત કરી રહ્યા છે. પીએમ મોદીએ બાબા સાહેબને યાદ કરત કહ્યું કે મહુમાં તેમનું ઘર છે. જે અહીથી નજીક છે. તેઓ દેશ વિદેશમાં જ્યાં પણ રહ્યા તે સ્થાનોને પંચ તીર્થના રૂપમાં વિકસિત કરવાનું સૌભાગ્ય



ભાજપા સરકારને મળ્યુ છે. જે સન્માન કોંગ્રેસ પાર્ટીએ ક્યારેય આપ્યું નથી. તે સન્માન કરવાનું સૌભાગ્ય અમને મળ્યુ. કોંગ્રેસ જેવી પાર્ટીઓએ બાબા સાહેબને અપમાનિત કરવાનું કામ કર્યુ . તેમણે જે સંવિધાન બનાવ્યુ તેના કારણે જ ગરીબ માતાનો દીકરો મોદી, તમને ત્રીજી વાર સેવા કરવા માટે આશીર્વાદ માંગે છે. તેમના સંવિધાનને કારણે જ દેશના રાષ્ટ્રપતિ આદિવાસી પરિવારની દીકરી છે. જે સમાજને સૌથી અંતમાં પૂછવામાં આવ્યુ જેને અંતિમ રાખવામાં આવ્યો તે સમાજની દિકરી આજે રાષ્ટ્રપતિ છે. બાબા સાહેબને અમે વિચારોથી સિમિત નથી રાખ્યા. પરંતુ આધુનિક ભારતમાં તેમના યોગદાનને નવી ઓળખ આપી છે.

# આઈપીએલ મેચને પગલે ઝઘડો થતા મિત્રએ મિત્રની કરી હત્યા

મુંબઈ
આઈપીએલ ક્રિકેટ મેચમાં કરોડો રૂપીયાની બોલી બોલાય છે. આયોજકોને કરોડો રૂપિયા મળે છે પરંતુ મેચ જોનારા ચાહકો ફક્ત ઈર્ષાને કારણે ક્યારેક એકબીજાની હત્યા કરી નાંખે છે. મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં આવી જ એક ઘટના બની છે. કોલ્હાપુરના ચેન્નાઈ સુપરકિંગ્સના એક ફેન્સ ઉપર મુંબઈ ઈન્ડિયન્સના પેન્સ પર હુમલો કરી દીધો હતો. જેમાં તેને જીવ ગુમાવવો પડ્યો હતો. જેને પગલે આ વિસ્તારમાં દહેશતનો માહોલ છે. કોલ્હાપુર જીલ્લાના હનમંતવાડીમાં ગયા અઠવાડિયે એક જ ગલીમાં રહેતા બે પરિવારો વચ્ચે આપીએલ મેચ સંબંધે ઝઘડો થઈ ગયો. સાગર ઝાંઝગે અને બલવંત ઝાંઝગે કાકા-ભત્રીજા થાય છે. બન્ને મુંબઈ ઈન્ડિયન્સના ચાહક છે. પડોશમાં રહેતા ગાયકવાડના ઘરે તેઓ ક્રેકટ જોતા હોય છે. ગયા અઠવાડિયા હૈદરાબાદની ટીમે રનનો ઢગલો કરી દીધો હતો. જેને કારણે બન્ને ગુસ્સા સાથે પરેશાન હતા. તેમાં મુંબઈનો રોહિત આઉટ થઈ ગયો. તે સમયે ચેન્નાઈ સુપરકિંગ્સનો એક ચાહક બંદોપંત ટિબળે અહીં આવ્યો અને અન્ય બન્નેને કહ્યું કે રોહિત તો આઉટ થી ગયો હવે મુબંઈ શું જીતશે. રોહિતના આઉટ થવાથી પહેલેથી નારાજ ઝાંઝગે ટિંબળે પર ગુસ્સે થઈ ગયો.

# માર્ચમાં છૂટક ફુગાવો ઘટીને ૪.૮૫ ટકા થયો

## માર્ચ ૨૦૨૪ મહિના માટે ગ્રામીણ, શહેરી અને સંયુક્ત માટે આધાર ૨૦૧૨=૧૦૦ પર ગ્રાહક ભાવ સૂચકાંકો

નવીદિલ્હી,
રાષ્ટ્રીય આંકડાકીય કચેરી, આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય આ પ્રેસનોટમાં ૨૦૧૨=૧૦૦ પર આધારિત ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અને ગ્રામીણ, શહેરી અને સંયુક્ત સંબંધિત માર્ચ ૨૦૨૪ (કામચલાઉ) મહિના માટે તમામ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશો માટે સંયુક્ત સમગ્ર ભારત અને પેટા જૂથો અને જૂથો માટે કન્ઝ્યુમર ફૂડ પ્રાઈસ ઈન્ડેક્સ (CFPI) CPI બહાર પાડી રહ્યું છે.

સાપ્તાહિક રોસ્ટર પર NSO, MOSPIના ફિલ્ડ ઓપરેશન્સ ડિવિઝનના ફિલ્ડ સ્ટાફ દ્વારા વ્યક્તિગત મુલાકાતો દ્વારા તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતા ૧૧૧૪ શહેરી બજારો અને ૧૧૮૧ ગામોમાંથી ભાવ ડેટા એકત્રિત કરવામાં આવે છે. માર્ચ ૨૦૨૪ના મહિના દરમિયાન, NSOએ ૯૯.૮ ટકા ગામડાઓ અને ૯૮.૫ ટકા શહેરી બજારોમાંથી કિંમતો એકત્રિત કરી હતી, જ્યારે બજાર મુજબની કિંમતો ગ્રામીણ માટે ૮૯.૬ ટકા અને શહેરી માટે ૯૩.૨ ટકા હતી.

સામાન્ય ઈન્ડેક્સ અને CFPI પર આધારિત અખિલ ભારતીય ફુગાવાના દરો (પોઈન્ટ ટુ પોઈન્ટ આધારે એટલે કે ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીએ ચાલુ મહિને, એટલે કે માર્ચ ૨૦૨૪ની સરખામણીમાં માર્ચ ૨૦૨૩) નીચે મુજબ આપવામાં આવ્યા છે:

# હરિયાણામાં લિવ-ઈનમાં રહેતા YouTuber કપલે ૭મા માળેથી છલાંગ લગાવી આત્મહત્યા કરી

બહાદુરગઢ
હરિયાણાના બહાદુરગઢમાં શનિવારે સવારે સોસાયટીના ૭મા માળેથી પડી જવાથી એક યુવક અને એક મહિલાનું શંકાસ્પદ સંજોગોમાં મોત નીપજ્યું હતું. બંને યુટ્યુબર હતા અને લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં આપઘાત થયાનું બહાર આવ્યું છે. પોલીસે જણાવ્યું કે, આત્મહત્યા કરતા પહેલા બંને વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયો હતો.

મૃતકોની ઓળખ ગરવિત (૨૫) અને નંદિની (૨૨) તરીકે થઈ છે. થોડા સમય પહેલા બંને દહેરાદૂનથી પોતાની ટીમ સાથે બહાદુરગઢ આવ્યા હતા. બંને વીડિયો બનાવીને ફેસબુક અને યુટ્યુબ પર પોસ્ટ કરતા હતા. હાલમાં તેઓ બહાદુરગઢ શહેરની રૂહિલ રેસીડેન્સી સોસાયટીના ફ્લેટ નંબર ૭૦૧માં રહેતા હતા. ગરવિત શનિવારે સવારે જ અહીં આવ્યો હતો.ગરવિત શનિવારે સવારે સોસાયટીમાં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

અહીં તેણે નંદિની સાથે વાત કરી. સવારે ૬ વાગ્યાની આસપાસ બંનેના મૃતદેહ જમીન પર પડેલા મળી આવ્યા હતા. નજીકમાં લોહી વહી રહ્યું હતું. સોસાયટીમાં રહેતા લોકોએ તેમને જોયા તો સ્થળ પર લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. આ પછી ગરવિત અને નંદિનીના મિત્રો પણ ત્યાં આવ્યા. બંનેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તબીબોએ તપાસ કરતાં તેમને મૃત જાહેર કર્યા હતા.



# ભાજપ અને ગઠબંધનના ઉમેદવારોના નામાંકન સાથે આવતીકાલથી પ્રચારમાં આવશે ગરમાવો

## નિમુબેન બાંભણીયા ફોર્મ રજૂ કરે તે પૂર્વે ભાજપ યોજશે સભા-રેલી

### પ્રદેશ અને રાષ્ટ્રીય પ્રતિનિધિઓની ઉપસ્થિતમાં વિશાળ સંખ્યામાં હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઢોલ-નગારા, ત્રાંસા સાથે કેસરિયો માહોલ સર્જશે

ભાવનગર,તા.૧૫

આગામી લોકસભાની ચુંટણીમાં ભાવનગર બોટાદ- ૧૫ લોકસભાના ભાજપના ઉમેદવાર નિમુબેન બાંભણીયાનું નામાંકન પત્ર ભરવા માટે તારીખ ૧૬ એપ્રિલ ૨૦૨૪ અને મંગળવારના રોજ સવારે ૧૦ કલાકે ક્રેસન્ટ પાસે આવેલ આલ્ફ્રેડ હાઈસ્કૂલ ક્રિકેટના મેદાન ખાતે સભા આયોજીત કરાઈ છે.



સભા બાદ વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઢોલ, નગારા, ત્રાંસા સાથે રેલી સ્વરૂપે હલુરિયા ચોક, ઘોઘાગેટ, મોતિબાગ રોડ થઈને કલેક્ટર કચેરી ખાતે નામાંકન રજૂ કરશે. આ નામાંકન પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઇ માંડવીયા, ક્લસ્ટર પ્રભારી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, સાંસદ ભારતીબેન શિયાળ, લોકસભાના પ્રભારી બ્રજેશભાઈ મેરજા સહિત ભાવનગર બોટાદ જિલ્લા અને મહાનગરના અધ્યક્ષ, મહામંત્રીઓ સહિત શહેર અને જિલ્લા સંગઠન, વિવિધ વિધાનસભાના ધારાસભ્યો, શહેર- જિલ્લાના વર્તમાન અને પૂર્વ લોકપ્રતિનિધિઓ, વરિષ્ટ આગેવાનો અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે તેમ ભાજપના ભાવનગર બોટાદ લોકસભાના સંયોજક હરુભાઈ ગોંડલીયાએ જણાવ્યું હતું.

## ગઠબંધનના ઉમેદવાર રેલી યોજી ભીડભંજન દર્શન કરી ભરશે નામાંકન

ભાવનગર લોકસભા બેઠક પર ભાજપના નિમુબેન બાંભણીયા સામે ઈન્ડિયા ગઠબંધનના ઉમેશ મકવાણા વચ્ચે સીધો જંગ રહેવાના એંધાણ છે ત્યારે આવતીકાલે નિમુબેનની ઉમેદવારી સાથે ઉમેશભાઇ પણ પોતાની ઉમેદવારી નોંધાવશે. શહેરના ઘોઘાગેટ ચોકથી સવારે ૧૦.૩૦ કલાકે રેલી યોજી ગઠબંધનના ઉમેદવાર ભીડભંજન મહાદેવના દર્શન કરી અને બાદમાં ૧૧.૩૦ કલાકે પોતાનું નામાંકન પત્ર ભરશે. આ તકે પંજાબની આપ સરકારના મુખ્યમંત્રી ભગવત માન, આપના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલીયા તથા શહેર અને જિલ્લાના કોંગ્રેસના પ્રમુખ તથા તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહેશે.



માંડવીયા, હુંબલ અને ઝડફિયાનો સ્ટાર પ્રચારકમાં સમાવેશ

# ભાજપના ૪૦ સ્ટાર પ્રચારકોમાં ભાવનગરના ત્રણ નેતાને સ્થાન







ભાવનગર, તા. ૧૫

લોકસભા ચૂંટણીમાં પ્રચાર માટે ભાજપે ૪૦ સ્ટાર પ્રચારકોની પ્રથમ યાદી બહાર પાડી છે જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા સહિતના ટોચના નેતાઓનો સમાવેશ થાય છે, જેમાં ભાવનગર કનેક્શન ધરાવતા ભાજપના ત્રણ નેતાઓને પણ સ્થાન મળ્યું છે.

ભાજપ દ્વારા ગઈકાલે ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી તૈયાર થઈ છે જેમાં કેન્દ્રીય મંત્રી અને હાલના પોરબંદર લોકસભાના ભાજપના ઉમેદવાર ડો. મનસુખ માંડવીયા, પ્રદેશ ભાજપ સંગઠનના મહામંત્રી રઘુભાઈ હુંબલ અને પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી ગોરધનભાઈ ઝડફિયાનો આ ૪૦ સ્ટાર પ્રચટકની યાદીમાં સમાવેશ કરાયો છે, આમ ૪૦ સ્ટાર પ્રચારકમાં ભાવનગરના ત્રણ નેતાઓ છે. જોકે, કોળી સમાજના કદાવર નેતા પરષોત્તમભાઈ સોલંકી તથા ભાજપના પૂર્વ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને વર્તમાન સાંસદ ડો. ભારતીબેન શિયાળનો સમાવેશ નહીં કરી ભાજપે આશ્ચર્ય સર્જ્યુ થયું છે, બીજી બાજુ ભાજપે સુરેન્દ્રનગર થી પ્રતિનિધિત્વ કરતા કોળી નેતા કુંવરજી બાવળિયાને સ્ટાર પ્રચારકમાં સમાવ્યા છે.!

**સ્ટાર પ્રચારકમાં ભાવનગરમાંથી કોળી નેતાના બદલે સુરેન્દ્રનગરના નેતા પર પસંદગી કરી ભાજપે આશ્ચર્ય સર્જ્યુ**

# પીપરડી-૧ ગામમાં દંપતી ઉપર પાડોશી પરિવારનો લાકડી અને પાઈપ વડે હુમલો

### ઘઉં સાફ કરતી વખતે દુકાનમાં ઉપણ ઉડયાની દાઝ રાખી કરાયો હુમલો

ભાવનગર તા.૧૫

પાલીતાણા તાલુકાના પીપરડી-૧ ગામમાં ઘઉં સાફ કરતી વખતે ઘઉંની ઉપણ દુકાનમાં ઉડતી હોવાની દાઝ રાખીને દંપતી ઉપર તેના પાડોશી પરિવારે ઈંટડાના છુટા ઘા ઝીકી તેમજ પાઈપ અને લાકડી વડે હુમલો કરતા ઈજાગ્રસ્ત દંપતીને સારવાર અર્થે પાલીતાણા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ બનાવ અંગે પાલીતાણા ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ પાલીતાણા તાલુકાના પીપરડી-૧ ગામમાં રહેતા ધીરુભાઈ નરશીભાઈ જાદવના પત્ની મંજુલાબેન ગઈકાલે સવારે તેમના ઘર બહાર ઘઉં સાફ કરવાનું કામ કરતા હતા તે દરમિયાન ઘઉંની ઉપણ બાજુમાં રહેતા બટુકભાઈ કાનજીભાઈ વાઘેલાની દુકાનમાં ઊડતી હોવાની દાજ રાખી સાંજના સમયે ધીરુભાઈ જાદવ અને તેમના પત્ની મંજુલાબેન વાડીએથી ઘરે આવ્યા ત્યારે બટુકભાઈ અને તેમના પત્નીએ બોલાચાલી કરી ઈંટડાના છૂટા ઘા કર્યા હતા. દરમિયાન બટુકભાઈના દીકરાઓ હિતેશ અને ચિન્ટુ એ આવીને 'કેમ અમારી સાથે બોલાચાલી કરો છો' એમ કહીને ધીરુભાઈ અને તેમના પત્ની મંજુલાબેન ઉપર લાકડી અને લોખંડના પાઈપ વડે હુમલો કરતા બંનેને સારવાર અર્થે પાલીતાણાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ બનાવ અંગે ધીરુભાઈ જાદવે તેમના પાડોશી બટુકભાઈ કાનજીભાઈ વાઘેલા અને તેમના દીકરા હિતેશ ઉર્ફે ભોલો અને ચિન્ટુ ઉર્ફે ટીકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પાલીતાણા ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ડ્રગ્સ કેસના આરોપીએ માથામાં લોહિયાળ ઈજા સાથે પોલીસે માર માર્યાનો કર્યો આક્ષેપ

ભાવનગર, તા.૧૫

ભાવનગર જિલ્લા જેલમાં રખાયેલા એક આરોપીને શનિવારે રાત્રે ઝાડા ઉલ્ટી થતાં તેને સારવાર માટે સર ટી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જો કે, આરોપીએ તેને પોલીસે માર માર્યો હોવાના કારણે તેને માથામાં ઈજા પહોંચી હોવાના આક્ષેપો કરતા આ બનાવના પગલે આરોપીના સગા સબંધીઓના ટોળા હોસ્પિટલ ખાતે ઉમટી પડ્યા હતા અને તેના કારણે ભારે ઉત્તેજના ફેલાઈ હતા. જો કે,પોલીસે મહામહેનતી મામલો થાળે પાડ્યો હતો.

**પોલીસ સામે ફરિયાદ લીધા બાદ જ સારવાર લઈશ તેવી જીદ પકડતા તંગદિલી, સગા-સબંધીઓનું ટોળુ ઉમટી પડ્યું**



તસવીર : મૌલીક સોની

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ જિલ્લા જેલમાં એમડી ડ્રગ્સ મામલે રખાયેલા હુસેન અખ્તર કલીવાલાની તબિયત બગડતા તેને શનિવારે સારવાર માટે સર ટી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો અને હોસ્પિટલમાં તેને કોઈ પોલીસવાળાએ માર મારતા તેના માથામા લોહી નિકળ્યું હતુ. આ બાબતની જાણ આરોપીના સબંધીઓને થઈ હતી અને તેના કારણે મોટી સંખ્યામાં લોકો હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. આરોપીએ તેને પોલીસે માર માર્યો હોય પોલીસ વાળા સામે ગુનો દાખલ કરો તેમ જણાવી સારવાર લેવાની ના કહી હતી.

જો કે, પોલીસની સમજાવટ બાદ આરોપીની સારવાર કરવામાં આવી હતી. આ અંગે સત્તાવાર રીતે કોઈ ગુનો દાખલ થયો ન હતો પરંતુ હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવેલા હુસેને અન્ય એક દર્દીના સગા પાસે વિમલ માંગતા પોલીસવાળાએ તેને માર માર્યો હોવાની ચર્ચા થતી જોવા મળી હતી.જો કે, આ બનાવ અંગે સત્તાવાર રીતે કોઈ ફરિયાદ નોંધાઈ ન હતી આ બનાવના પગલે ભારે ઉતેજનાનો માહોલ ફેલાયો હતો.

## લગ્ન પ્રસંગે થયેલ ઝઘડાની દાઝ રાખી યુવાનને ચાર શખ્સે માર માર્યાની રાવ

ભાવનગર તા.૧૫

ભાવનગરના ભરતનગર વિસ્તારમાં અગાઉ થયેલ બોલાચાલી અને ઝઘડાની દાઝ રાખી ચાર શખ્સોએ યુવાનને ઢીકાપાટુનો માર મારી છરી વડે ઈજા કરતા ભરતનગર પોલીસે બનાવ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના ભરતનગર, ત્રણ માળીયાના વતની અને ઘોઘા રોડ ચૌદ નાળા, મફતનગર વિસ્તારમાં રહેતા રાજુભાઈ મનજીભાઈ ગોહેલ ગત તા. ૧૨/૦૪ ના રોજ રાત્રિના સમયે તેમના પત્નીને તેડવા માટે જતા હતા કે દરમિયાન ભરતનગર રીંગ રોડ પર આવેલ વૃંદાવન હોટલ પાસે બે માસ પહેલા લગ્ન પ્રસંગમાં થયેલ બોલાચાલી અને ઝઘડાની દાઝ રાખી ચૌદ નાળા વિસ્તારમાં રહેતા ચિરાગ મોરી, અનિલ મોરી, ભુપેન્દ્ર ઉર્ફે ભુપો ગોહિલ અને મિતુ દુલાભાઈ ગોહેલે તેમના બાઈક આડે રાખી રાજુભાઈને અટકાવી ઢીકાપાટુનો માર મારી છરી પડે હાથની આંગળીના ભાગે ઈજા કરી હતી. આ બનાવ અંગે રાજુભાઈ મનજીભાઈ ગોહેલએ ચારેય શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ભરતનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## યુવતી સાથે અગાઉ પ્રેમ સંબંધ હોવાની દાઝે યુવક ઉપર હુમલો

### માર્કેટ યાર્ડમાં પાંચ શખ્સો લાકડી અને ધોકા વડે તૂટી પડ્યા

ભાવનગર તા.૧૫

ઘોઘા તાલુકાના નેસવડ ગામના યુવકને યુવતી સાથે અગાઉ પ્રેમ સંબંધ હોવાની દાઝ રાખી યુવતીના ભાઈ સહિતના શખ્સોએ લાકડી અને ધોકા વડે માર મારી ઈજા કરતા યુવકને સારવાર અર્થે સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ઘોઘા તાલુકાના નેસવડ ગામમાં રહેતો અને ભાવનગરના ચિત્રા માર્કેટિંગ યાર્ડમાં આવેલ દુકાનમાં પિતાની સાથે કામ કરતા કૌશિક સુરેશભાઈ ડાભી ( ઉં. વ. ૧૯ ) ને નેસવડ ગામમાં રહેતા અશ્વિન હરજીભાઈ ડાભીની બહેન સાથે અગાઉ પ્રેમ સંબંધ હોય તે બાબતની દાઝ રાખી ગઈકાલે રાત્રિના કૌશિકભાઈ માર્કેટિંગ યાર્ડ ખાતે દુકાને હાજર હતા તે દરમિયાન બે બાઈક ઉપર આવેલા ચોથાભાઈ બારૈયા ( રહે. માલણકા તા.ઘોઘા ) અશ્વિન હરજીભાઈ ડાભી, મુકેશ આમદભાઈ ડાભી, દિનેશ આમદભાઈ ડાભી અને હરજી આમદભાઈ ડાભી ( રહે તમામ નેસવડ તા. ઘોઘા ) એ લાકડી અને ધોકા વડે આડેધડ માર મારતા ઈજાગ્રસ્ત કૌશિકભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સારવાર અર્થે સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે.

આ બનાવ અંગે કૌશિકભાઈ સુરેશભાઈ ડાભીએ બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## સિહોર પંથકના ગામડાઓમાં કમોસમી વરસાદ

ભાવનગર, તા.૧૫

ભાવનગર જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા શનિવારે છૂટોછવાયો કમોસમી વરસાદ વરસશે તેવી આગાહી કરવામાં આવી હતી પરંતુ શનિવારે સુકુ વાતાવરણ રહ્યા બાદ રવિવારે બપોર પછી ભાવનગર જિલ્લામાં સિહોર અને તેની આસપાસના ગામડાઓમાં કમોસમી વરસાદના ઝાપટા વરસ્યા હતા. તો ભાવનગરમાં પણ બપોર બાદ આકાશમાં થોડા વાદળો છવાયા હતા. જો કે હવે પુનઃ હવામાન વિભાગ દ્વારા આગાહી અપડેટ કરવામાં આવી છે તે મુજબ તા.૧૫ એપ્રિલને સોમવારે પણ ભાવનગર જિલ્લામાં છૂટાછવાયા કમોસમી વરસાદ પડી શકે છે તેમ જણાવાયેલ છે. રાજ્યના અન્ય કેટલાક જિલ્લાઓમાં પણ સોમવારે માવઠાની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી. આગાહીના પગલે રવિવારે સિહોર પંથકમાં ચૈત્ર માસમાં વાતાવરણમાં પલટો આવ્યો હતો અને બપોર પછી બદલાયેલા વાતાવરણ

**વરસાદી ઝાપટાથી કેરીના પાકને નુકશાન : ઢસામાં પણ માવઠુ**

વચ્ચે સિહોર શહેર સાગવાડી,સર, જાંબાળા અને કાજાવદર સહિતના ગામોમાં કમોસમી વરસાદી ઝાપટા પડ્યા હતા. આ કમોસમી વરસાદને કારણે કેરી સહિતના પાકને નુકસાન થવાની દહેશત સેવાઈ રહી છે. આજે સોમવારે ભાવનગર ઉપરાંત અમરેલી, ગીર સોમનાથ, કચ્છ જયારે દ.ગુજરાતમાં સુરત અને ભરૂચ તેમજ ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠામાં માવઠાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જોકે હવામાન વિભાગ દ્વારા કરવામાં આગાહીમાં ભાવનગર શહેરમાં કોઈ અસર થઈ નથી આજે સોમવારે પણ સવારથી તડકા સાથે ગરમીનુ સામ્રાજ્ય છવાયેલુ રહ્યું છે.

ગઈકાલે રવિવારે મોડી સાંજ બાદ ઢસા અને આજુબાજુના વિસ્તારમાં પણ કમોસમી વરસાદ વરસ્યો હોવાના સમાચાર મળ્યા છે. અને વાતાવરણમાં આશિક ઠંડક પ્રસરી હતી. જોકે આગાહી હોવા છતા રાત્રીના તાપમાનમાં બે દિવસમાં ૪.૮ ડિગ્રીનો વધારો થવા પામ્યો છે.

# કાળિયાબીડમાં બે સગા ભાઈના મકાનમાંથી રૂા.પોણા બે લાખની મત્તા ચોરાઈ

**બન્ને ભાઈઓ રવિવારે સાંજે પરિવાર સાથે હવેલીએ દર્શન કરવા ગયા ત્યારે તસ્કરો બંધ મકાનમાં મહેમાન બન્યા**







તસવીર : મૌલીક સોની

ભાવનગર તા.૧૫

ભાવનગરના કાળિયાબીડ, ભગવતી સર્કલ નજીક આવેલ શાંતિનગર-૨ માં રહેતા વણિક પરિવારના બે સાગા ભાઈઓના બાજુ બાજુમાં આવેલ બે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ઘરની અંદર રાખેલ સોના ચાંદીના ઘરેણાં તેમજ રોકડ રકમ મળી કુલ રૂ. પોણા બે લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બંને ભાઈઓ તેમના પરિવાર સાથે ગઈકાલે સાંજે હવેલી એ દર્શન કરવા ગયા તે દરમિયાન બે કલાકના ટૂંકા ગાળામાં જ તસ્કરો ચોરીને અંજામ આપી ફરાર થઈ જતા નીલમબાગ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ચોરીના આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના કાળિયાબીડ, ભગવતી સર્કલ પાસે આવેલ શાંતિનગર-૨,પ્લોટ નં.૩૩૭૭/સી માં રહેતા અને કુકર અને મિક્સર રીપેરીંગનું કામકાજ કરતા અશ્વિનભાઈ મણીભાઈ શ્રીમાંકર એ સ્થાનિક નિલમબાગ પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ગઈકાલે સાંજના ૭:૦૦ વાગ્યા આસપાસ તેઓ તેમજ તેમની બાજુમાં રહેતા તેમના મોટાભાઈ પંકજભાઈ મણીલાલ શ્રીમાંકર પરિવાર સાથે બંનેના ઘરને તાળું મારીને સરદારનગરમાં આવેલ આવેલી હવેલી ખાતે દર્શન કરવા ગયા હતા અને દર્શન કરીને રાત્રીના ૯:૦૦ વાગ્યા આસપાસ ઘરે પરત ફર્યા હતા તે દરમિયાન બે કલાકના ટૂંકા ગાળામાં કોઈ અજાણ્યા તસ્કરોએ તેમના બંને મકાનના મુખ્ય દરવાજાના નકુચા તોડી ઘરમાં પ્રવેશ કરી ઘરના બંને રૂમમાં રાખેલ લાકડાના કબાટ તોડી કબાટમાં રાખેલ સામાન વેરવિખેર કરી નાખ્યો હતો અને રૂ.૬૫,૦૦૦/- રોકડા તેમજ સોનાની બુટ્ટી જોડી નંગ-૦૦૧, સોનાની વીંટી નંગ-૦૨, ચાંદીના છડાની જોડી નંગ-૦૨ તથા ચાંદીના સેટ નંગ-૦૨ મળી કુલ રૂ. ૯૯,૦૦૦/- ની ચોરી કરી હતી. તેમજ બાજુમાં આવેલ તેમના સગા મોટાભાઈ પંકજભાઈના મકાનમાંથી પણ લાકડાના કબાટમાં રાખેલ રોકડા રૂ.૨૮,૦૦૦/- સોનાનો એક ચેઈન તેમજ ચાંદીનો એક ચેઈન મળી કુલ રૂ. ૭૯,૦૦૦/- અને બંને મકાનમાંથી મળી કુલ રૂ.૧,૭૮,૦૦૦/- ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરીની આ ઘટના અંગે નિલમબાગ પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ તપાસ હાથ ધરી છે.